શ્રીસ્વામિનારાયણ મંદિર
કારેલીબાગ, વડોદરાથી પ્રકાશિત મેગેઝીન

# સત્સંગ સેવક

માર્ચ-૨૦૨૩



શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરાથી પ્રકાશિત

# સત્સંગ સેવક

માર્ચ, ૨૦૨૩



નિર્માણાધીન

શ્રીસ્વામિનારાયણ મંદિર, સત્સંગબાગ-બોટાદની ખાતમૂહુર્ત વિધિ









: આશીર્વાદ :

પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્ય
શ્રીરાકેશપ્રસાદજી મહારાજ-વડતાલધામ

: સંસ્થાપક :

પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી
સ્વામી-કુંડળધામ

# સત્સંગ સેવક


વર્ષ : ૧૯, અંક : ૩, માર્ચ-૨૦૨૩
(કુલ પેજ ૧ થી ૨૮)

તંત્રીશ્રી : સાધુ અચ્યુતદાસજી
સહતંત્રીશ્રી : સાધુ નંદકિશોરદાસજી

મુદ્રક : પ્રવીણ પ્રિન્ટીંગ, વડોદરા

:: માલિક તથા પ્રકાશક ::
શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા

વાર્ષિક લવાજમ : રૂ.૪૦/-
૪ વર્ષ લવાજમ : રૂ.૧૫૦/-
૧૫ વર્ષ લવાજમ : રૂ.૫૦૦/-
પરદેશમાં ૧૫ વર્ષ લવાજમ : રૂ.૮૫૦૦/-

'સત્સંગ સેવક' દર મહિનાની પહેલી
તારીખે પ્રકાશિત થાય છે.

પ્રકાશન સ્થળ તથા પત્ર વ્યવહાર
સત્સંગ સેવક કાર્યાલય
શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ,
વડોદરા-૧૮, ફોન : ૦૨૬૫-૨૪૬૨૬૨૮

www.swaminarayanbhagwan.org
satsangsevak@kundaldham.org


## અનુક્રમણિકા


3 કુસંગથી સાવધાન
- પ.પૂ.શ્રીગુરુજી

4 સાચું ભક્તપણું
- પ.પૂ.શ્રીગુરુજી

6 સ્મરણનું સંપૂર્ણ ફળ કોને મળે ?
- સાધુ ઈશ્વરચરણદાસ

8 પ્રામાણિકતા
- સાધુ કૃષ્ણપ્રિયદાસ

9 પ્રભુ જરૂર પોકાર સાંભળે છે
- સાધુ સાકારસ્વરૂપદાસ

10 "0" શૂન્યની કિંમત
- સાધુ ચિત્સાગરદાસ

12 રસો વૈ સઃ
- સાધુ અનાદિસ્વરૂપદાસ

14 વખાણપ્રૂફ રહો
- સાધુ આત્મીયસ્વરૂપદાસ

16 ભક્તવત્સલ ભગવાન
- સાધુ પ્રસન્નવદનદાસ

17 ઘરસભા
- પ.ભ.શ્રીદિવ્યાંગભાઈ ઠક્કર-આણંદ

18 છઠ્ઠી સોટી
- પ.ભ.શ્રીપંકજભાઈ ડી. પટેલ-વડોદરા

20 અંતરનો અરીસો

23 સત્સંગ સમાચાર





સત્સંગ સેવક
મેગેઝિન પ્રતિ આપનો અભિપ્રાય તથા સૂચન
જણાવવા QR CODE સ્કેન કરો...

YOUR FEEDBACK

કાવ્યકૃપા

# કુસંગથી સાવધાન

: રચયિતા :
પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી
કુંડળધામ

સં.૨૦૭૨, શ્રાવણ સુદ-૨
તા.૦૪/૦૮/૨૦૧૬, ગુરુવાર

કુસંગ ઓળખી રાખજો, રહેજો તેથી દૂર;
નહિ તો રહેવા નહિ દે, જ્ઞાન હરિની હજૂર...૦૧

કુસંગ કદી કરવો નહિ, કુસંગ છે દુઃખરૂપ;
જ્ઞાન કુસંગના યોગથી, મુક્તો થયા કુરૂપ...૦૨

કુસંગ લુખા કરી નાંખે, ઉદ્વેગ દે અપાર;
માટે કુસંગથી બચજો, જ્ઞાન કરી વિચાર...૦૩

કુસંગ સગો થશે નહીં, મારશે તમને ઠાર;
જ્ઞાનાકાર રહો તેથી, નિયમ ધરી સારધાર...૦૪

જીવનભર કરી હરિએ, કુસંગની નિંદા જ;
જ્ઞાન તે શું નથી જાણતા ? તે છે દુઃખદાતા જ...૦૫

કલ્યાણ નિજનું કરવું છે, તો રહેવું સાવધાન;
જો ન જોઈતું હોય તો, મનમુખી રહો જ્ઞાન...૦૬

જેણે જેણે યદા યદા, કર્યો હતો કુસંગ;
જ્ઞાન હેરાન થયા છે, આ છે વાત અભંગ...૦૭

હોય આનંદ વરતતો, સુખનો ન હોય પાર;
જ્ઞાન કુસંગ જો થાય તો, થૈ જાય તે ત્યાં ઠાર...૦૮

કુસંગ તરત આપે છે, અંતરે અતિ લુખાશ;
જ્ઞાન એને છોડી દ્યો, એ છે મોટી કાશ...૦૯

કુસંગ કોઈને ન મૂકે, લૂંટી લે છે સાવ;
જ્ઞાન એને છોડીને, સદા રાખોને માવ...૧૦





કથામૃતમ્

પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામીએ તા.૧૮/૦૯/૨૦૧૬ રવિવારના રોજ શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામમાં કરેલ મનનીય પ્રવચન...

# સાચું ભક્તપણું

-પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામ

એક દિવસ એક યુવાન મને મળ્યો હતો. તેના વેવિશાળની વાત થતી હતી, એટલે હું બોલ્યો કે, ‘ભગવાન તારું પણ કરી દેશે, ધુબાકા દે !’ મને કહે, ‘શું કહો છો ?’ મેં કહ્યું, ‘હા હા.. થઈ જાશે, ભલા માણસ !’ પછી બીજે ત્રીજે દિવસે તેના વેવિશાળનું નક્કી થઈ ગયું. પછી એણે મારા ઉપર ફોન કર્યો. તે એટલો બધો આનંદમાં હતો ! મને કહે, ‘ગુરુજી ! મારું ગોઠવાઈ ગયું !’ તે પાછો જ્યારે મને રૂબરૂ મળ્યો ત્યારે કહે, ‘હું તમારા ઉપર બહુ રાજી છું.’ એટલો બધો ખુશ હતો ! તેનો આનંદ જોઈને મને મનમાં થયું, આને સ્ત્રી મળી ગઈ તો કેટલો આનંદમાં છે !

વહાલા ભક્તો ! એના જેવો આનંદ આપણને ભગવાન ઓળખાણા છે, સાચા સંતો-ભક્તો મળ્યા છે તેનો થવો જોઈએ, ભગવાનમાં વૃત્તિ રહે કે ભગવાન મળે ત્યારે થવો જોઈએ. એને સ્ત્રી મળી તેથી ખુશ થયો અને આપણને કાંઈક ધન, માન-સન્માન મળે કે કાંઈક ધાર્યું થાય કે કાંઈક સંકલ્પ પૂરા થાય તેની ખુશી હશે. અંતે એનામાં ને આપણામાં શું ફેર પડ્યો ? ભગવાન ન મળે ત્યાં સુધી કોઈ પણ વાતમાં આનંદ ન થાય ત્યારે સાચું ભક્તપણું પ્રગટ થયું કહેવાય. પ્રભુ સિવાયની અન્ય વાતમાં આનંદ થાય ત્યારે મનમાં એમ વિચારવું જોઈએ કે, આને મારે શું કરવું છે ? મારે તો એક પ્રભુ જોઈએ છે.

એક નાની નણંદે તેના ભાભીને કહ્યું કે, ‘ભાભી ! લાવો મેંદી મૂકીને તમારા હાથ રંગી દઉં.’ ત્યારે તે બાઈ કહે, ‘બેન બા ! હાથ રંગીને કોને દેખાડું ? એનો જોનારો મારો ધણી તો પરદેશ છે.’ જુઓ, એક સામાન્ય બાઈને પણ એમ થાય છે કે, ‘હાથ રંગવા તો મારા ધણી માટે, બીજાને દેખાડવા માટે નહીં.’ તેથી મુક્તાનંદ સ્વામીએ પણ લખ્યું કે :-

**સજી શણગાર સુભગ તન ગોરે,**
**ગુણ રાખે અતિ ગે’રો રે;**
**જ્યાં લગી પિયુડો હસી ન બોલાવે,**
**આભૂષણ સર્વે ડેરો રે.**

પોતાનામાં શીલ-સંતોષ આદિક કાંઈ ગુણો હોય અથવા માયિક કોઈ પણ ચીજવસ્તુ પ્રાપ્ત થાય તો હૃદયમાં હરખ ન થાય, સુખ ન થાય અને અખંડ ‘મારો મહારાજ ! મારો મહારાજ ! મારો પ્રભુ કેદિ દેખાય, તેનું સુખ મને કેદિ મળે ?’ આમ વર્તાય ત્યારે ભક્તપણું આવ્યું કહેવાય અને ત્યારે જ ભગવાનનો મહિમા સમજાણો કહેવાય.

પેલી સિદ્ધપુરની જસમા ઓડણ જેવી એક ખાળિયા ખોદીને જીવનનિર્વાહ કરનારી સ્ત્રીને સિદ્ધરાજ જેવો નરેશ એમ કહે કે, 'જો તું મારી સાથે ચાલ તો હું તને પટરાણી બનાવીને મારા રાજમહેલમાં રાખું.' આટલી મોટી લાલચથી પણ તે મજૂરી કરનારી બાઈનું મન તે મોટા રાજવી પુરુષમાં જરાય ન ડોલ્યું. આને કહેવાય પતિવ્રતા સ્ત્રી ! અને આપણું મન તો સારી કઢી ભાળે તોય ભગવાન સ્વામિનારાયણને મૂકીને તે તુચ્છ કઢીમાં ડોલી જાય; અરે..! ડોલવાની વાત શું કરવી ? આખે આખું અંદર ઘૂસી જાય તે કાઢ્યુંય નીકળે નહીં. થોડીક ભૂખ લાગી હોય તો સરખી ભગવાનની માનસી પૂજા પણ ન થાય. એટલે **આપણને જેવો આપણો દેહ અને જીભનો સ્વાદ વહાલો છે, એવા પ્રભુ વહાલા નથી.**

વહાલા ભક્તો ! આપણે સહુ ભગવાનને પામવાની ઇચ્છાવાળા છીએ. માટે તમારું જીવન અનીતિ અને અધર્મમય હરગીઝ ન હોવું જોઈએ. જે મોટા મોટા વર્તમાન લોપતા હોય તે તો હરિભક્ત રહેવાને લાયક જ નથી. ગૃહસ્થના મોટા પાંચ વર્તમાન છે તે તો તમારે પાળવા જ પડે. પંચવર્તમાન પાળી ન શકે અને પોતાને હરિભક્ત ગણાવે એવી પાખંડવાળી ભક્તિ ભગવાનને જરાય ગમતી નથી. આપણું જીવન શુદ્ધ અને સારું હોવું જોઈએ. **લાખ રૂપિયા હોય પણ તે ખોટા હોય તો તેમાંથી એક સફરજન પણ ન આવે; એમ પાખંડવાળી ભક્તિથી ભગવાન ન મળે.** ભક્તિ કરવી તો સાચી કરવી. ભગવાન આપણું કેટલું કેટલું રાખે છે ? આપણે એનું કાંઈ રાખવા તૈયાર છીએ ? આ તો તેની પાસેથી બધું મળે છે એટલે તેની પાસે આવીએ છીએ. બાકી તો ભગવાનની સામુંય ન જોઈએ; એ જાતના આપણે અજ્ઞાની છીએ.

જેને ભગવાનને પામવું હોય તેને ભગવાનની આજ્ઞા પાળવી જોઈએ. પંચવિષયના સુખમાંથી વૃત્તિ પાછી વાળી ભગવાનમાં લગાડવી પડે તો ભગવાનમાં હેત થાય. જેટલા ભગવાનના સુખે સુખિયા થઈએ એટલા ભક્ત અને જેટલા વિષયના **માયિક સુખથી સુખિયા થઈએ એટલી ભક્તપણામાં ખામી કહેવાય.** માટે બીજેથી વૃત્તિ વાળી ભગવાનમાં જોડી સાચા અર્થમાં ભક્ત બનીએ. ●●●

**ભગવાન ન મળે ત્યાં સુધી કોઈ પણ વાતમાં આનંદ ન થાય ત્યારે સાચું ભક્તપણું પ્રગટ થયું કહેવાય. પ્રભુ સિવાયની અન્ય વાતમાં આનંદ થાય ત્યારે મનમાં એમ વિચારવું જોઈએ કે, આને મારે શું કરવું છે ? મારે તો એક પ્રભુ જોઈએ છે.**



# સ્મરણનું સંપૂર્ણ ફળ કોને મળે ?

લેખક : સાધુ ઈશ્વરચરણદાસ  ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

વહાલા ભક્તો ! આપણા વૈદિક સનાતન ધર્મમાં મંત્રનો મહિમા અજબ-ગજબનો છે. એક સામાન્ય તૃણની સળી લઈ તેમાં મંત્રનો વિધિપુર:સર પ્રયોગ કરવામાં આવે તો તે બ્રહ્માસ્ત્ર જેવું કામ કરે છે. મંત્રના પ્રતાપે મનુષ્યે છોડેલું બાણ જ્યાં જે કામ માટે મોકલ્યું હોય તે ગાઇડેડ મિસાઇલની જેમ કામ કરે છે.

આજ આટલી ટેક્નોલોજી વિકસિત થઈ છે, છતાં તેનાથી ન થાય તેવાં કામ યુગો પહેલાં ભારતના ઋષિઓ મંત્રના પ્રતાપે કરતા.

દુર્યોધનનો બનેવી જયદ્રથ બહુ અનાડી હતો. તેણે દ્રૌપદીના અપહરણમાં અને અભિમન્યુને મારી નખાવવામાં ઘણો ભાગ ભજવ્યો હતો. તેથી અર્જુનજીએ તેને મારી નાખવાની પ્રતિજ્ઞા લીધી. પછી જ્યારે તેને મારવાનું ટાણું આવ્યું ત્યારે શ્રીકૃષ્ણ પ્રભુએ કહ્યું : અર્જુન ! આ જયદ્રથના બાપ ભૂરિશ્રવાએ તપશ્ચર્યા કરીને એવું વરદાન મેળવ્યું છે કે, 'જે કોઈ જયદ્રથનું માથું પૃથ્વી પર પાડે તેનું મોત થઈ જાય. માટે જો તારે તેને મારવો જ હોય તો એવો મંત્ર પ્રયોગ કર કે, જયદ્રથનું મસ્તક કાપનાર બાણ તે મસ્તકને તેના બાપ ભૂરિશ્રવા જ્યાં તપશ્ચર્યા કરતો હોય તેના ખોળામાં લઈ જઈને નાંખે.'

પછી અર્જુનજીએ એવું જ કર્યું તેથી મંત્રના પ્રતાપે જયદ્રથનું માથું તેના બાપના ખોળામાં અચાનક પડ્યું. તે ભૂરિશ્રવાએ ડરીને તે માથું પૃથ્વી પર ફેંકી દીધું. એ જ ક્ષણે બાપ-દીકરા બેયના રામ રમી ગયા; આવી મંત્રમાં અજબ-ગજબની શક્તિ હોય છે.

આ તો વાત થઈ અન્ય મંત્રોની; પણ સર્વે મંત્રોનો રાજા, સર્વોપરી મહામંત્ર એટલે **સ્વામિનારાયણ** મંત્ર. એનો મહિમા તો મુખેથી કોઈ જ ન ગાઈ શકે. એટલે જ સ્વયં સ્વામિનારાયણ ભગવાને આવું કહ્યું છે,

**જે સ્વામિનારાયણ નામ લેશે,**
**તેનાં બધાં પાતક બાળી દેશે ।।**
**છે નામ મારાં શ્રુતિમાં અનેક,**
**સર્વોપરી આજ ગણાય એક ।।૧।।**
**જો સ્વામિનારાયણ એક વાર,**
**રટે બીજાં નામ રટ્યાં હજાર ।।**
**જપ્યા થકી જે ફળ થાય એનું,**
**કરી શકે વર્ણન કોણ તેનું ।।૨।।**
**ષડ્‌ક્ષરી મંત્ર મહા સમર્થ,**
**જેથી થશે સિદ્ધ સમસ્ત અર્થ ।।**
**સુખી કરે સંકટ સર્વ કાપે,**
**અંતે વળી અક્ષરધામ આપે ।।૩।।**

**હવે આપણા માટે સવાલ એ છે કે, શાસ્ત્રોમાં જેટલો કાંઈ મંત્રમહિમા કહેવાયો છે તેનો પૂરેપૂરો લાભ કોને થાય ? તો...**

**કોઈ પણ મંત્રના મહિમા-લાભ, ફળ-ફાયદાના કુલ ૩ હેતુઓ છે-**

૧) જે મંત્રના આરાધ્ય-અધિષ્ઠાતા દેવ જેટલા વધુ મહાન હોય, સમર્થ હોય તે મંત્રનો જાપ કરનારને તેટલો લાભ વધુ થાય.

૨) જે મંત્રના શબ્દો તેના અધિષ્ઠાતા દેવનો

મહિમા જેટલો વધુ વ્યક્ત કરવા સક્ષમ હોય તેટલો તેના જાપકને ફાયદો વધુ થાય.

૩) જે મંત્રજાપકને તે મંત્ર વિશે તથા મંત્રના આરાધ્ય-ઉપાસ્ય દેવ વિશે જેટલી શ્રદ્ધા, વિશ્વાસ અને મહિમાની દૃઢતા વધુ હોય તેટલું તેને તેનું ફળ વધુ મળે છે.

આમાં ત્રીજો પોઇન્ટ આપણા માટે સૌથી વધુ મહત્ત્વનો છે. કેમ જે, આપણા ઉપાસ્ય શ્રીસ્વામિનારાયણ ભગવાન સર્વોપરી, સર્વસમર્થ અને સર્વકર્તા તો છે જ. વળી તેમના મંત્રમાં રહેલ સર્વે શબ્દો પણ શ્રીહરિની મહાનતાને જેમ છે તેમ દર્શાવવામાં સક્ષમ છે.

હવે તો મહારાજ તથા તેના મંત્રનો જેમ છે તેમ મહિમા સમજીએ, જીવનમાં ઉતારીએ અને રાત-દિવસ સ્મરણ થાય તેવી શ્રદ્ધા અને લગન દૃઢ કરીએ એટલું જ આપણે કરવાનું છે. કારણ કે, સ્વામિનારાયણ મંત્રના અધિષ્ઠાતા સર્વોપરી શ્રીસ્વામિનારાયણ ભગવાનનો મહિમા જેટલો વધુ હોય તથા આ મંત્રનો જાપ કરવાથી આવું ફળ અવશ્ય થાશે જ એવો વિશ્વાસ વધુ હોય અને મંત્રજાપ કરવામાં શ્રદ્ધા, ઉત્સાહ, તીવ્રતા-લગન જેટલાં વધુ હોય તેટલું ફળ વધુ તથા તત્કાળ પ્રાપ્ત થાય છે.

આ બાબતનો પ્રશ્ન તથા જવાબ વચનામૃતમાં છે. મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, ‘ભગવાનના દર્શનનો જે મહિમા (લાભ-ફળ) તથા ભગવાનના નામ-સ્મરણનો જે મહિમા (ફાયદો) તથા ભગવાનના સ્પર્શનો જે મહિમા તે ભગવાનના ભક્તને અર્થે છે કે સર્વ જીવને સારુ છે ?’

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ‘જે માહાત્મ્ય જાણીને અતિશય પ્રીતિએ કરીને, મને સહિત દૃષ્ટિ આદિક જ્ઞાન ઇન્દ્રિયે કરીને દર્શન-સ્પર્શાદિક કરે છે તેને જ તેમનું ફળ છે. અને બીજાને તો તેનું બીજબળ (સંસ્કારનો શુભારંભ) થાય છે.’ વચ. સારંગ. ૫

આટલું વાંચતા વિચારતા એ સ્પષ્ટ થાય છે કે, નામસ્મરણનો મહિમા ગ્રંથોમાં જે કાંઈ લખ્યો છે તે તો સાચો છે; પરંતુ તેવા ફળની પ્રાપ્તિ બધાને થતી નથી. કેમ જે, બધાને મંત્ર તથા મંત્રના આરાધ્ય દેવનો મહિમા જેવો હોવો જોઈએ તેવો એકસરખો હોતો નથી. વળી મંત્રજાપમાં શ્રદ્ધા પણ જેવી હોવી જોઈએ તેવી તીવ્ર હોતી નથી. જો મહિમા તથા શ્રદ્ધા યથાર્થ હોય તો મંત્રજાપનું ફળ પણ યથાર્થ મળે જ છે.

એકવાર ગામ બગસરાથી સથવારા વેલાભાઈ વગેરે થોડા ભક્તો ગઢડે સ્વામિનારાયણ ભગવાનનાં દર્શને ગયા હતા. ત્યાં મહારાજે તેમના સ્વામિનારાયણ મંત્રનો મહિમા કહ્યો જે, **“આ સમે સ્વામિનારાયણ એ નામનો મંત્ર બહુ જ બળીયો છે, તે મંત્રથી તો કાળા નાગનું ઝેર પણ ઊતરી જાય; એવો એ મહા બળવાન મંત્ર છે.”** તે વાત સાંભળીને વેલાભક્તે મનમાં ધારી રાખી. પછી તે બગસરા પાછા આવ્યા. એક દિવસ તેમને દેરીવાડીમાં સર્પ કરડ્યો, ત્યારે તે મંત્ર મહિમાની વાત યાદ કરીને તીવ્ર શ્રદ્ધાપૂર્વક મંત્રજાપ કરવા લાગ્યા. પછી સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ભજન કરતા થકા મંદિરમાં જઈ મહારાજની મૂર્તિ સામે બેસી એકતાર સ્મરણ ચાલુ રાખ્યું. તે મંત્રજાપના પ્રતાપે તેમને સર્પનું ઝેર ચડ્યું નહીં. આ વાત સાંભળીને સહુને આશ્ચર્ય થયું. કેમ જે, તે સહુએ કહ્યું કે, તે સર્પ જેને જેને કરડ્યો છે તેનું તત્કાળ મૃત્યુ થયું છે. વેલાભક્ત બચ્યા તે સ્વામિનારાયણ મહામંત્રના પ્રતાપે જ બચ્યા હતા. કેમ જે, તેમને સ્વામિનારાયણ ભગવાને જે મંત્રમહિમા કહ્યો હતો તે ૧૦૦% સાચો મનાઈ ગયો હતો.

જો આપણે સહુ પણ આ સર્વોપરી મહામંત્રનો મહિમા દૃઢપણે સમજીએ અને પછી તેના વિશ્વાસપૂર્વક તીવ્ર શ્રદ્ધાથી મંત્રજાપ કરીએ તો આપણને પણ તેનું યથાર્થ ફળ પ્રાપ્ત થાય. માટે આ વર્ષે નામસ્મરણનો મહિમા વધારીએ, સ્મરણની શ્રદ્ધા વધારીએ અને ખૂબ જ તીવ્રતાથી સ્મરણ કરતા રહીએ તો સર્વે કાર્ય સિદ્ધ થઈ જાય. હે મહારાજ ! મને આપનો તથા આપના સ્વામિનારાયણ મહામંત્રનો મહિમા સમજાય તથા તેના સ્મરણમાં તીવ્ર લગની વધી જાય એવી મારા પર કૃપા કરજો... ●●●

# પ્રામાણિકતા

લેખક : સાધુ કૃષ્ણપ્રિયદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

એક સંતાનહીન રાજા વૃદ્ધ થયો, તેથી તેણે નવો રાજા પસંદ કરવાની ઇચ્છા કરી. એણે રાજ્યના બધા નવયુવાનોને એક ખાસ દિવસે ઉપસ્થિત રહેવા ઢંઢેરો પિટાવ્યો.

જ્યારે એ દિવસ આવ્યો ત્યારે મેદાનમાં યુવાનોની ભીડ થઈ. સમય થયો એટલે રાજા આવ્યા. રાજાએ કહ્યું, "હવે તમારામાંથી એક નવો રાજા પસંદ કરવાનો છે, પરંતુ તે માટે તમારે એક પરીક્ષા આપવાની છે. દરેકને એક બીજ આપવામાં આવશે, એને તમારે ઘરે કૂંડામાં વાવવાનું છે અને છોડની એક વરસ કાળજી લેવાની છે. એક વરસ પછી પોતપોતાના છોડ સાથે અહીં આવવાનું છે. તમે કરેલી છોડની દેખભાળ પરથી હું નક્કી કરીશ કે, તમારામાંથી કોણ રાજ્યની બરાબર કાળજી રાખી શકશે."

બધાને બીજ આપવામાં આવ્યું. સૂરજ નામનો એક યુવાન ત્યાં આવેલો, એણે ઘરે જઈને કૂંડામાં બીજ વાવ્યું અને નિયમિતપણે પાણી પીવડાવી બીજમાંથી કોંટો ફૂટવાની રાહ જોવા લાગ્યો. આમ દિવસો પસાર થઈ ગયા પરંતુ કંઈ ઊગેલું નહિ જોતાં સૂરજ નિરાશ થઈ જતો, છતાં ધીરજપૂર્વક એ પાણી પાતો.

વરસ પૂરું થતાં બધાને પોતપોતાના છોડ સાથે હાજર થવાનું કહેવાયું. યુવાનો કૂંડાં સાથે મેદાનમાં પહોંચી ગયા. પોતાનું ખાલી કૂંડું લઈને જવાની સૂરજની ઇચ્છા ન હતી, પરંતુ માતાએ કહ્યું કે, "બેટા ! છોડ ન ઊગ્યો તો કાંઈ નહિ, તેં ઈમાનદારીપૂર્વક કરેલા પ્રયત્ન માટે પણ જા."

સૂરજ મેદાનમાં પહોંચ્યો. બધા યુવાનોના છોડથી મેદાનમાં જંગલ ઊભું હોય તેવું લાગતું હતું. સૂરજને બીક લાગી. કારણ કે, આખા મેદાનમાં એનું એકનું જ કૂંડું ખાલી હતું. એ વખતે રાજા ત્યાં આવ્યો અને દરેકના છોડને જોવાનું શરૂ કર્યું. સૂરજે પોતાનું કૂંડું સંતાડ્યું, પરંતુ રાજાએ તે જોયું તેથી તેનું કૂંડું ખાલી જોઈ એણે બરાબર પાણી પીવડાવ્યું હતું કે નહિ ? એવું પૂછ્યું. સૂરજે બીતાં બીતાં હા પાડી. રાજાએ કહ્યું કે, 'એને મંચ પર લાવવામાં આવે.' સૂરજને ધ્રાસ્કો પડ્યો, ચૂપચાપ તે મંચ પર પહોંચ્યો. રાજાએ એનું નામ પૂછ્યું. એનું ખાલી કૂંડું જોઈને બધા હસતા હતા. એ જ વખતે રાજાએ કહ્યું, "બધા હોશિયાર ! તમારા નવા રાજા સૂરજનું સ્વાગત કરવા તૈયાર થઈ જાઓ !"

સભામાં ચણભણ થવા લાગી કે, "એનું કૂંડું તો સાવ ખાલી છે !" "મારો છોડ તો, સૌથી ઊંચો છે." "મારા છોડનાં પાંદડાં તો જુઓ," વગેરે વગેરે.

રાજાએ કહ્યું, "એક વરસ પહેલાં મેં તમને આપેલાં બધાં જ બીજ શેકેલાં હતાં. શેકેલ બીજ કઈ રીતે ઊગી શકે ? બીજમાંથી થોડા દિવસમાં છોડ ન ઊગ્યો એટલે તમે સૌએ બીજું બીજ વાવી દીધું છે. સૂરજ એક જ એવો યુવાન છે જે રાજ્યનું બીજ જેવું હતું એવું જ સાચવીને લાવ્યો છે. એની આ પ્રામાણિકતા આપણા રાજ્યને ઘણી સમૃદ્ધિ અપાવશે. માટે તમે સૌ હવે નમન કરો તમારા નવા રાજા ને !"

હાજર રહેલા દરેકને એમ કર્યા વગર હવે છૂટકો પણ નહોતો જ ! બધા એનું અભિવાદન કરતાં નમીને ઊભા રહ્યા.



વહાલા ભક્તો ! આપણે કેટલી પ્રામાણિકતાથી જીવીએ છીએ ? કેટલી આજ્ઞા પાળીએ છીએ ? તે પ્રમાણે આપણને શ્રીજીમહારાજની મોજ મળશે. માટે સાવધાન !

●●●

“પ્રેરક પ્રસંગ”

# પ્રભુ જરૂર પોકાર સાંભળે છે

લેખક : સાધુ સાકારસ્વરૂપદાસ     ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી



એક માણસ પોતાના ચાર વર્ષના બાળકને કારમાં બેસાડીને જતો હતો. બાળકને પાછલી સીટમાં બેસાડ્યો હતો. એ માણસ પોતાની મસ્તીમાં સ્પીડથી ગાડી ચલાવી રહ્યો હતો. બાળક પાછળ શું કરે છે તેની તેને કાંઈ ખબર ન હતી. બાળક દરવાજાના કાચમાંથી બહાર જોયા કરતો હતો. ચંચળ સ્વભાવના તે બાળકે અચાનક સ્પીડમાં જતી કારનો દરવાજો ખોલી નાખ્યો. બરાબર એ જ વખતે કારે ઝડપી વળાંક લીધો. વાહનની ગતિના કારણે દરવાજો ખૂલી ગયો ને તે બાળક કારમાંથી બહાર ફેંકાઈ ગયો. પેલા માણસનું તરત જ ધ્યાન ગયું. એનાથી રાડ પડી ગઈ, હે ભગવાન ! તેણે ઝડપથી પોતાની કાર સાઈડમાં લીધી. નીચે ઊતરીને જોયું તો બાળક જ્યાં ઊથલીને પડ્યું હતું એ વખતે એ જ લેનમાં પાછળથી એક અન્ય કાર પણ ધસમસતી આવી રહી હતી.

એને તો એવું જ હતું કે બે જ ક્ષણમાં એના બાળકને કચડીને પેલી કાર જતી રહેશે. હાથ હલાવીને પેલા ડ્રાઇવરને રોકવાનો પણ સમય ન હતો. એના મોઢામાંથી બસ એટલા જ શબ્દો નીકળી શક્યા કે, ‘હે ભગવાન ! તું જ મારા બાળકને બચાવજે.’

ભગવાને જાણે તેનો અવાજ સાંભળી લીધો હોય તેમ પેલી ધસમસતી આવી રહેલી કારનાં પૈડાં સખત જોરથી લાગેલી બ્રેકના કારણે ચિચિયારી પાડી ઊઠ્યાં. ચારેય પૈડાં રોડ સાથે ઘસાઈને પેલા બાળકની સાવ નજીક જઈને ઊભાં રહી ગયાં.



બાળકના બાપે દોડીને બાળકને ઉઠાવી લીધું. બાળક એકદમ સ્વસ્થ હતું. જલ્દી તે બાળકને ઉઠાવી પેલા ડ્રાઇવર તરફની બારી પાસે ગયો. તેણે જોયું તો એ ડ્રાઇવર બંને હાથે પોતાનું માથું પકડીને સ્તબ્ધ બનીને બેઠો હતો.

પેલા માણસે પોતાના સાજાસમા બાળકને બતાવીને કહ્યું, ‘અરે ભાઈ ! જરા પણ ચિંતા કરશો નહિ, મારા બાળકને કાંઈ જ નથી થયું. પરંતુ...જો તમે સમયસર બ્રેક મારી ન હોત તો....’ એટલું બોલતાં તેનું ગળું ભરાઈ આવ્યું. પછી સહેજ સ્વસ્થ થઈ બોલ્યો, ‘મેં ભગવાનને પ્રાર્થના કરી કે હે પ્રભુ ! મારા બાળકને બચાવજે, એ જ વખતે તમે બ્રેક મારી દીધી, થેક્યું વેરી મચ.’

પેલો ડ્રાઇવર આશ્ચર્ય સાથે બોલ્યો, ‘ભાઈ, તમને કદાચ વિશ્વાસ નહિ આવે, પરંતુ હું મારી બ્રેકને અડક્યો જ નથી. હું પણ એ જ આશ્ચર્યમાં હતો કે આ કેવી રીતે બની ગયું ?’ બંને જણ અવાચક બની ગયા. એ બાળકને તો પ્રભુએ જ બચાવ્યો હતો.

વહાલા ભક્તો ! આપણા જીવનમાં પણ જોઈએ તો એવા ઘણા પ્રસંગો હશે કે કપરી વેળાએ પ્રભુએ આપણો પોકાર સાંભળ્યો હોય, આપણી રક્ષા કરી હોય. કોઈ સાચા દિલથી પ્રભુને પોકારે તો પ્રભુ જરૂર તેનો સાદ સાંભળે છે ને મદદે આવીને ઊભા રહે છે. અશક્યનું પણ શક્ય બનાવી દે છે. આવા પરમ કૃપાળુ પરમાત્માના ઉપકારો કેમ ભૂલાય ! ●●●



આધ્યાત્મિક વિજ્ઞાન

# શૂન્યની કિંમત

લેખક : સાધુ ચિત્‌સાગરદાસ      ગુરુ : પ.પૂ.સદ્‌.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

0ની શોધ એ ભારતે વિશ્વને આપેલ મોટી દેન છે. હજારો વર્ષ પહેલાં ખગોળશાસ્ત્રી આર્યભટ્ટે શૂન્યની શોધ કરી હતી. શૂન્ય વિના ગણિતની કલ્પના અશક્ય છે. વળી મહાભારતના અનુશાસન પર્વમાં આવેલ વિષ્ણુસહસ્રનામમાં વિષ્ણુના હજાર નામોમાં એક નામ શૂન્ય કહેવામાં આવ્યું છે. આપણે પણ પ્રભુને હૃદયમાં ધારવાને પાત્ર થવું હોય તો અહંશૂન્ય 0 ઝીરો થવું પડે. આપણે વિવિધ રીતે શૂન્યની કિંમત અને શૂન્ય થવાનો ઉપાય સમજીએ.

**हाथों ने पैरों से पूछा सब तुम्हें ही प्रणाम करते हैं,**
**मुजे क्यो नहीं ?**
**पैर बोला उसके लिए जमीन पर रहना पडता है,**
**हवा में नहीं ।**

## ૧. ઐતિહાસિક દૃષ્ટિએ (History) :

ભારતે 0ની શોધ કર્યા બાદ વિશ્વભરની વિવિધ ભાષાઓમાં 0નો ઉપયોગ થવા લાગ્યો. વિશ્વની દરેક ભાષાઓમાં 1 થી 9 આંકડાના શેપ અલગ અલગ હોય છે, પણ 0નો શેપ બધી ભાષામાં 0 જ રહ્યો છે, તેમાં ફેરફાર થયો નથી. મતલબ અહંશૂન્ય વ્યક્તિ કોઈ પણના સંપર્કમાં આવે કે કોઈ પણ સાથે કામ કરે પણ તે બધા સાથે ભળી જાય છતાં પોતાની સ્થિતિમાંથી ડગે નહીં.

## ૨. અણુવિજ્ઞાનની દૃષ્ટિએ (Atom) :

પોઝિટિવ (+ve) છેડો એટલે રાગ અને નેગેટિવ (-ve) છેડો એટલે દ્વેષ. આ બંને છેડાનું મધ્ય એટલે 0. મતલબ આ લોકના રાગ કે દ્વેષથી રહિત સમત્વ પ્રાપ્ત થાય ત્યારે આપણે ઝીરો થયા કહેવાઈએ.

(-ve) ← 0 → (+ve)
**દ્વેષ   સમત્વ   રાગ**

## ૩. ગણિતની દૃષ્ટિએ (Maths) :

0 + 0 = 0 - ભૌતિક પ્રાપ્તિથી તેનાં સુખમાં વધારો થતો નથી.

0 - 0 = 0 - ભૌતિક પદાર્થના નાશથી તેના સુખમાં ઘટાડો થતો નથી.


0 × 0 = 0 - માન-સન્માન, પદ પ્રાપ્ત થતાં તેનો ઉત્સાહ બમણો થતો નથી.

0 ÷ 0 = 0 - અપમાન-નિંદામાં તે દુઃખી થઈ ભાંગતો નથી.

## ૪. આકૃતિની દૃષ્ટિએ (Configuration) :

**શૂન્યને શૂન્ય શા માટે કહેવાય છે ? :**

શું તમે જાણો છો કે 1ને એક, 2ને બે, 3ને ત્રણ....9ને નવ કેમ કહેવાય છે ? જવાબ જાણવા નીચેનો ફોટો ધ્યાનથી જુઓ.




એંગલ (Angle) એટલે ખૂણો. જે આંકડો લખવામાં જેટલા ખૂણા પડે તેટલી તે સંખ્યા કહેવાય. ઉપરોક્ત ચિત્રમાં સ્પષ્ટ છે કે, 1માં એક ખૂણો છે. 2માં બે ખૂણા છે. 3માં ત્રણ ખૂણા છે. એ જ રીતે 9માં નવ ખૂણા છે. જ્યારે 0માં એક પણ ખૂણો નથી એટલે શૂન્ય(ઝીરો) કહેવાય છે. આ ખૂણા એટલે આપણા સ્વભાવ. શૂન્ય થવું એટલે આપણા મનની માન્યતાના ખૂણા ભાંગી  સ્વભાવરહિત, સરળ અને અહંશૂન્ય થવું.


## ૫. કોમ્પ્યુટરની દૃષ્ટિએ (Computer) :

જેમ કોમ્પ્યુટરમાં શોર્ટબાય નેમ કરતા 2 કરતાં 1 પહેલા આવી જાય. 3 કરતાં 2 પહેલા આવી જાય. આમ ક્રમશઃ ઓછા ખૂણાવાળા પહેલા આવે; પરંતુ સૌથી આગળ 0 આવે. ઉપરાંત કોઈ પણ સંખ્યાની આગળ 0 લખતાં તે આગળ આવી જાય છે. આમ આપણે અત્યારે ભલે ગમે

તેવા છીએ પરંતુ ખરો ખપ રાખી સત્સંગમાં જેમ જેમ ઝીરો થવા પ્રયત્ન કરતા જઈએ તેમ તેમ પ્રગતિ થતી જાય. અને અંતે અહંશૂન્ય થઈ અનાદિમુક્તની ઉચ્ચતમ સ્થિતિ પ્રાપ્ત કરી શકાય છે. તેના ઉપર એક ચરિત્ર જોઈએ.

એકવાર શ્રીજીમહારાજ વિચરણ કરતા ધમાસણા ગામ પધાર્યા. ત્યાં એક પટેલે ખૂબ શ્રદ્ધાભાવથી બે દિવસ શ્રીહરિને પોતાને ઘેર રાખ્યા ને સેવા કરી રાજી કરી લીધા. ત્રીજે દિવસે મહારાજ ચાલવાની તૈયારી કરતા હતા ત્યારે પટેલે પગ પકડી કહ્યું, 'હે મહારાજ ! મેં તમને મારે ઘેર રહેવા દીધા, જમાડ્યા, સેવા કરી તેના બદલામાં મને કાંઈ નહિ આપો ?' ત્યારે મંદમંદ હસતાં મહારાજ કહે, 'બોલો ! શું જોઈએ છે ?' ત્યારે પટેલ કહે, 'મારે બીજું કાંઈ જોઈતું નથી. મારે સંસારમાં રહેવું નથી. બસ એક જ માંગણી કરું છું કે મને સાધુ કરો.' મહારાજ કહે, 'સગાંવહાલાં અને પત્નીની રજા લઈને આવો.' ત્યારે પટેલ કહે, 'એ બધું તો થઈ જશે. મને કોણ ના પાડે ! દીકરો મારો કોઈ આડો આવે તો બધાને ખબર પાડી દઉં.' આટલું કહેતાં પટેલ લાલચોળ થઈ ગયા. તેથી મહારાજે સંતોને પૂછ્યું, 'આ પટેલને સાધુ કરશું ?' તેમના અનુભવથી સંતોએ કહ્યું, 'તેમનો સ્વભાવ બહુ આકરો છે, સાધુ થઈ અમારી સાથે પણ ઝઘડો કરશે.' પણ પટેલ તો હઠે ભરાયા કે, મારે સાધુ થવું જ છે, જે થાય તે. મહારાજે સંતોને પૂછ્યું, 'આના ગુરુ કોણ થાશો ?' ત્યારે કોઈ સંતો તૈયાર ન થયા; પણ તેમનો ખપ જોઈને મહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું, 'તમે આના ગુરુ બની તેમનો ક્રોધી સ્વભાવ કાઢો.' પછી તેમને સાધુ કરી ગુરુચરણરતાનંદ સ્વામી નામ પાડી મુક્તાનંદ સ્વામીને સોંપ્યા; પરંતુ તેમનો સત્સંગનો ભીડો વેઠવાનો ખરેખરો ખપ અને મુક્તાનંદ સ્વામી જેવા વર્તનશીલ સંતના સમાગમથી ગુરુચરણરતાનંદ સ્વામી સરળ સંત બની સૌના રાજીપાના પાત્ર બન્યા. અને અહંશૂન્ય થઈ અક્ષરધામના મુક્ત બન્યા.

## ૬. ફિઝીક્સની દૃષ્ટિએ (physics) :




જેટલા ખૂણા વધારે તેટલું ઘર્ષણ વધે અને સ્પીડ ઘટે. જેટલા સ્વભાવરૂપી કાટખૂણા વધુ હોય તેટલા આપણે બીજા સાથે વધુ ઘસાઈએ-અથડાઈએ એટલે બંનેને વાગે. વળી, ઘર્ષણથી આપણને દુ:ખ આવે અને સામેનાનું દિલ દુ:ખાય. વળી પ્રગતિ રૂંધાય. ટાયર ગોળ હોય તો ગાડી આરામથી ચાલે પણ ખરબચડું હોય તો વારેવારે રોદા આવ્યા કરે.

0 કાટખૂણા વગરનો ગોળ સોફ્ટ દડો ઓછું ઘર્ષણ થતા ફાસ્ટ ગતિ કરી શકે છે. એમ આંતરિક કે બાહ્ય ઘર્ષણરહિત બની સત્સંગમાં ફાસ્ટ પ્રગતિ કરવી હોય તો આપણો સ્વભાવ અહંશૂન્ય સોફ્ટ દડા જેવો કરવો જોઈએ. કદાચ અત્યારે આપણે લીસ્સા 0 ન હોઈએ તોપણ ધમાસણા ગામના પટેલની જેમ ખપ રાખી આપણને ઘસનારા-છોલનારાને છૂટ આપીએ તો પ્રગટના પ્રેશરથી, સત્સંગના ભીડાથી આપણે લીસ્સા બની જઈએ.

## ૭. ખગોળ વિજ્ઞાનની દૃષ્ટિએ (Astronomy) :

પૃથ્વી, ચંદ્ર, સૂર્ય, તારાઓ વગેરે સૌથી મોટા મોટા પદાર્થો ગોળાકાર છે તેનું કારણ શું ?

વાતાવરણનું દબાણ બધી દિશામાં સમાન હોવાથી પાણીનું ટીપું તરત ગોળાકાર 0 થઈ જાય છે. એ જ રીતે પૃથ્વી વગેરે ગ્રહોને બધા દબાણનો ફોર્સ એક કેન્દ્રબિંદુ પર આવે છે એટલે તે ગોળ થઈ ગયા. કારણ કે, ગુરુત્વાકર્ષણનું ખેંચાણ દ્રવ્યમાનના કેન્દ્રબિંદુ ઉપર જાય છે એટલે તે નિષ્ક્રિય થઈ જાય છે; એમ આપણે આપણામાં બદલાવ લાવતાં લાવતાં ઝીરો (0) ગોળ થતા જઈએ તો સત્સંગનો ભીડો પ્રેશર ન લાગે ઊલ્ટાનું સુખદાયી, પ્રેમમય લાગે ને આનંદથી જીવી શકાય.

## ૮. આધ્યાત્મિક દૃષ્ટિએ (Spiritual) :

પાણીના નાના બુંદ સ્વત: સરળ હોવાથી વાતાવરણમાં દબાણથી તરત ગોળાકાર થઈ જાય છે. જ્યારે લોખંડનો ટુકડો કડક હોવાથી એમનામ રહે છે; તેમ સત્સંગમાં આપણી માન્યતાનાં બીબાં છોડી પોતાનામાં સુધારો કરનારા કહે તેમ બદલાવ લાવીએ તો જલ્દી અહંશૂન્ય થવાય છે. પરંતુ વહાલા ભક્તો ! મહિમા વગર અમૂક ભીડો ખમાય ને અમૂક ન ખમાય. માટે જો અંદરથી ભગવાનનો મહિમા થાય તો તેના સંબંધવાળાનો પણ મહિમા થાય એટલે તરત સ્વત: અહંશૂન્ય 0 (ઝીરો) થઈ જવાય અને પ્રભુના પ્યારા હીરો થઈ જવાય. આ છે શૂન્યની સાચી કિંમત. ●●●



# रसो वै सः

લેખક : સાધુ અનાદિસ્વરુપદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

એકવાર અગતરાઈના પર્વતભાઈ તેમનાં પત્ની સાથે ગઢપુર રોકાયા હતા. તે સમયે બધા સંતો-ભક્તો સવારના ચાર વાગ્યે ઊઠી સ્નાન-પૂજાપાઠ કરે, પ્રભાતિયાં, કીર્તનો તથા પ્રકરણો બોલે. પછી સભા ભરાય ત્યારે શ્રીજીમહારાજ પધારે અને વાજિંત્ર સાથે ધૂન-કીર્તન, કથા-વાર્તા ને પ્રશ્નોત્તર થાય. સભા વિસર્જન થયા પછી સૌ પોતપોતાના કામે જાય; પરંતુ કોઈ ને કોઈ મોટા સંતો સભામાં બેઠા જ હોય. તેઓ શ્રદ્ધાવાળા મુમુક્ષુઓને કથામૃતનું પાન કરાવે. આ રીતે સવારના ચારથી લગભગ દશેક વાગ્યા સુધી ચાલે. વળી રોંઢે પણ કથા-વાર્તા થાય. સાંજે આરતી, સ્તુતિ, ધૂન, કીર્તન અને કથા-વાર્તા થયા પછી રાત્રીના અગિયાર વાગ્યા સુધી સંતો કીર્તનોની ધૂન લગાવે. આમ પ્રગટ ભગવાન સ્વામિનારાયણના સાંનિધ્યમાં રાત્રિ-દિવસ મહામંગળમય દિવ્ય વાતાવરણ બની ગયું હતું. પર્વતભાઈ તો શ્રીહરિનાં દર્શન, ધ્યાન, ભજનાદિકમાં તલ્લીન થઈ જતા. દરેક પોતપોતાની સગવડ ને સમય પ્રમાણે જમવા જાય, પણ પર્વતભાઈ તો સભાસ્થાન છોડી ક્યાંય જતા નહીં. સૂવું, બેસવું વગરે સભામાં જ કરતા.

સૌ સાધુ સત્સંગીઓને એમ કે પર્વતભાઈ એમનાં પત્ની સાથે છે, ત્યાં તે ભેળા જમી લેતા હશે અથવા મયારામ ભટ્ટના રસોડે જમતા હશે. એમનાં પત્નીને એમ કે મહારાજ પાસે જમી લેતા હશે, તેથી અહીં આવતા નથી.

એક દિવસ મહારાજે મયારામ ભટ્ટને કહ્યું કે, “પર્વતભાઈનાં ઘરનાને પૂછો કે પર્વતભાઈ ક્યાં જમે છે ?” ત્યારે ભટ્ટજીએ પૂછ્યું, એટલે તેમનાં પત્નીએ કહ્યું કે, ‘મહારાજની પ્રસાદી જમતા હશે.’ ત્યારે મહારાજે કહ્યું કે, ‘અહીં તો જમતા નથી.’

પછી મહારાજે તેમને પૂછ્યું કે, “પર્વતભાઈ તમે ક્યાં જમો છો ?” પર્વતભાઈ કહે, “મહારાજ, **તમારી મૂર્તિનું મહાસુખ મૂકીને અન્ન શું ભાવે ? તમારા દર્શનથી હૃદયમાં એવી તૃપ્તિ ને શાંતિ રહે છે, કે અન્ન જળ તો યાદ પણ નથી આવતાં.”**

વહાલા ભક્તો, પર્વતભાઈને આ રીતે અન્ન-જળ વિના એક કે બે દિવસ નહીં, પરંતુ સાત સાત દિવસ વીતી ગયા હતા. તેમને શ્રીહરિની મૂર્તિના દર્શનમાત્રથી તૃપ્તિ અને શાંતિનો અખંડ અનુભવ રહેતો હતો. અક્ષરધામના અને આ લોકમાં રહેલા ઘણા મુક્તોને પણ તેવો અનુભવ અખંડ રહે છે. શ્રીહરિની મૂર્તિમાં એવું તો શું છે ? તો આત્મા, પરમાત્મા અને માયાના સ્વરૂપનું યથાર્થ વર્ણન કરનારા આપણા સનાતન ઉપનિષદોમાંના તૈત્તિરીય ઉપનિષદમાં તેનો એક જવાબ છે કે,

**रसो वै सः। रसं ह्येवायं लब्ध्वाऽऽनन्दी भवति।... एष ह्येवाऽऽनन्दयति।**

(આનન્દવલ્લી, અનુવાક ૭)

અર્થાત્, જેણે આ જડચિદાત્મક સર્વ જગતની રચના કરી છે, તે **પરબ્રહ્મ પરમાત્મા ખરેખર ‘રસ’ છે, અર્થાત્ તે આનંદનું સ્વરૂપ છે અને આનંદમય**

**છે. તેના ઉપાસક તેમને પામીને આનંદી બની જાય છે; અને આ પરમાત્મા જ સર્વને આનંદ આપે છે.**

વહાલા ભક્તો, સુખસાગર આ પરમાત્માના રસ-સુખની એવી અલૌકિક અને આશ્ચર્યકારી વિશેષતાઓ છે કે જે પરમાત્મા સિવાય બીજે ક્યાંય જોવા ન મળે. તેને વર્ણવતાં સ્વયં આપણા ઇષ્ટદેવ શ્રીજીમહારાજ ગઢડા મધ્ય પ્રકરણના પહેલા વચનામૃતમાં કહે છે કે, "પંચવિષય તો ભગવાનના કર્યા થયા છે, માટે ભગવાનમાં તો એથી અતિ ઝાઝું સુખ છે. શા માટે ? જે શબ્દ હોય તેમાં એકલું શબ્દ સંબંધી જ સુખ હોય, પણ બીજા જે ચાર વિષય રહ્યા તેનું સુખ શબ્દમાં ન હોય. એવી જ રીતે સ્પર્શમાં સ્પર્શનું જ સુખ હોય પણ બીજું ન હોય; તેમ જ રૂપમાં રૂપ સંબંધી જ સુખ હોય; તેમ જ રસ અને ગંધ તેમાં પોતપોતા સંબંધી જ સુખ હોય; પણ એક વિષયમાં પંચવિષયનું સુખ ભેળું ન આવે. અને **ભગવાનનું જે સ્વરૂપ છે, તેમાં તો સર્વે સુખ ભેળાં રહ્યાં છે. તે એક દર્શન કરે તોપણ તે ભક્ત પૂર્ણકામ થઈ જાય."**

વળી વડતાલના-૯મા વચનામૃત મુજબ **કોઈકને સમાધિમાં ક્ષણમાત્ર ભગવાનના સ્વરૂપમાં સ્થિતિ થાય તો તેને હજારો વર્ષ પર્યંત સમાધિને વિષે સુખ ભોગવ્યાનો અનુભવ થાય છે.**

**એ ભગવન્મૂર્તિનો રસ એવો છે કે નિત્ય નવીન ને નવીન જ લાગે. અક્ષરધામમાં મુક્તોને તે પરમાત્માના દર્શનમાં એવો તો રસ આવે છે, કે તેઓ કોઈ એક અંગનું દર્શન કરતા હોય તો બીજું અંગ જોવા સમર્થ નથી થતા.**

સદ્‌.ગુણાતીતાનંદ સ્વામી કહી ગયા છે કે, **'વિષયનું સુખ છે, તે કરતાં આત્માનું સુખ બહુ અધિક છે, ને તે કરતાં ભગવાનનું સુખ એ તો ચિંતામણિ છે.'**(પ્ર.૧/૨૬)

હરિવાક્યસુધાસિન્ધુમાં સારંગપુર પ્રકરણના બીજા તરંગમાં શતાનંદ સ્વામી ભગવાનના સ્વરૂપ વિષે કહે છે કે,

**आनन्दमूर्तिः श्रीकृष्णस्तत एव सुखोदयः।**
**तद्भिन्ना विषयाः सर्वे दुःखदा मायिकत्वतः।।**

અર્થાત્‌, **ભગવાન તો આનંદનું મૂર્તિમાન સ્વરૂપ છે અને તેમાંથી જ સુખમાત્ર પ્રગટ થાય છે. તે સિવાયના તમામ વિષયો માયિક હોવાથી દુ:ખદાયી છે.**

**વહાલા મહારાજનું નખશિખ સમગ્ર સ્વરૂપ આનંદનું જ બનેલું છે.** તેથી હરિસ્મૃતિમાં સુખ ચિંતામણિમાં સદ્‌.નિષ્કુળાનંદ સ્વામી પોતાની અનુભૂતિ કહેતાં મસ્તીમાં ગાય છે કે,

**આનંદ પાવ આનંદ કર, જીવન...**
**આનંદમાં મુખ મનોહર, જીવન...**
**આનંદરૂપ અનુપમ એવું, જીવન...**
**સૌ જનને જોયા જેવું, જીવન...**
**આનંદ વસન ભૂષણ અંગે, જીવન...**
**આનંદ આપો છો ઉછરંગે, જીવન...**

આપણા વહાલા પૂ.ગુરુજી શ્રીજીમહારાજની મૂર્તિના સુખને વર્ણવતાં એક પદમાં કહે છે કે,

**તારી મૂર્તિ સુખનું ઘર છે, બીજું સર્વે દુ:ખનું દર છે.**
**હે મારા નાથ ! સ્વામી શ્રીજી, તું શાંતિનું સરોવર છે.**

આમ આપણા ઇષ્ટદેવ સર્વાવતારી શ્રીહરિજી મહારાજ સુખનો મહાસાગર છે, સુખનો સ્રોત છે, બીજા વિષયાદિકનાં જે કાંઈ સુખ આપણને અનુભવાય છે, તે તો એ પુરુષોત્તમનારાયણના સુખની ઝણ માત્ર છે. અને તે પણ દુ:ખે યુક્ત છે. માટે એવાં અલ્પ અને દુ:ખદાયી વિષયસુખમાં લોભાવા કરતાં સુખના મહાસાગરમાં યુગોના યુગો સુધી ગરકાવ થઈ જઈએ, તો તો અહાહા...કેવો આનંદ આવે !... ●●●

**જેણે આ જડચિદાત્મક સર્વ જગતની રચના કરી છે, તે પરબ્રહ્મ પરમાત્મા ખરેખર 'રસ' છે, અર્થાત્‌ તે આનંદનું સ્વરૂપ છે અને આનંદમય છે. તેના ઉપાસક તેમને પામીને આનંદી બની જાય છે; અને આ પરમાત્મા જ સર્વને આનંદ આપે છે.**



# વખાણપ્રૂફ રહો

લેખક : સાધુ આત્મીયસ્વરૂપદાસ
ગુરુ : પ.પૂ.સદ્. શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

આપણી કળા કે ગુણો આ સત્સંગમાં રાજીપો રળવામાં ઉપયોગી થાય એટલાં જ કામનાં છે; બાકી જો સાવધાન ન રહીએ તો એ જ કળા આપણને અહંકારી બનાવી શકે છે. આપણા જ લૌકિક ગુણો ફાંસારૂપ બની આપણી અલૌકિકતાનો નાશ કરી નાંખે છે. અને એટલે જ આપણામાં રહેલા ગુણોમાં આપણે ગૌણભાવ-સામાન્યપણું રાખવું જરૂરી છે. પોતાની કળા-આવડત-કુશળતા કે ગુણોનો પોતાના મનમાં જરાય ભાર ન પડવો જોઈએ. આપણે તેનાથી પ્રભાવિત ન હોવા જોઈએ. આપણે પોતે જ તેનું ખંડન કરી શકતા હોવા જોઈએ. વળી, બીજા કોઈ ખંડન કરે તે ગમવું પણ જોઈએ. પોતાની કળા જ્યારે કચરા સમાન લાગે ત્યારે એ કળા આપણને પચી કહેવાય.

જ્યારે પોતાની કળા કે ગુણના ગુમાનમાં પોતાને વિષે શ્રેષ્ઠપણું મનાઈ જાય ત્યારે આધ્યાત્મિક માર્ગમાં આપણું પતન થાય છે. આવું પતન નોંતરનાર એક બાબત છે - **'આપણાં વખાણ.'** જ્યાં સુધી આપણને 'મારાં વખાણ મારા માટે ઝેરરૂપ છે' આ ગંભીરતા નહિ સમજાય ત્યાં સુધી આપણે પણ આ ઝેર હોંશે હોંશે પીવાના અને મરવાના. આપણને આ દિશા પકડાઈ નથી એટલે જ જ્યારે આપણાં વખાણ થાય ત્યારે મૌન રહેવાને બદલે આપણે પોતે પણ તેમાં સૂર પુરાવા લાગી પડીએ છીએ. અરે ! આપણાં ખોટાં વખાણથી પણ હરખઘેલા થઈએ છીએ.

પણ... દીપકની વાત કાંઈક અનોખી છે. વર્ષોથી ઘડાયેલો એક સમજુ અને પીઢ યુવાન. ન તો પોતાનાં વખાણ સાંભળી લે કે ન તો પોતાને અડવા દે. દીપકે પોતાની સારપનો સરવાળો કર્યો હોય એવું કદી બન્યું નથી. પોતાનાં વખાણના શબ્દો સાંભળવા મળે એટલે દીપક સાવધાન થઈ જાય. 'મારામાં રહેલા ગુણો તો માંગ્યાં ઘરેણાં સમાન છે.' આમ સમજવાથી દીપકને અહંકાર સ્પર્શી શક્યો ન હતો. ગમે તેટલાં વખાણ તેને વિચલિત કરી શકતાં ન હતાં.

આજે મિહિર, મનોજ અને કથન આ ત્રણેય મિત્રો દીપક સાંભળે એ રીતે વાતો કરી રહ્યા છે... મિહિરે કહ્યું, 'જો જે કથન, આ બધું કેયુરથી કાંઈ ચાલવાનું નથી. એ કાંઈ દીપકની જગ્યા સંભાળી શકે એવો કેપેબલ નથી. એને બિચારાને ક્યાં કમ્પ્યુટરનો કોઈ અનુભવ જ છે !...' દીપકે પૂછ્યું, "કોની વાત કરો છો ?" મિહિરે કહ્યું, 'તારી જગ્યાએ હવે કમ્પ્યુટરની સેવા સંભાળવાનો છે એ કેયુરની. સાંભળ દીપક ! આમાં તો તારા જેવો અનુભવી જ ચાલે, બીજા કોઈનું કામ નહીં.' દીપક તરત જ બોલ્યો, 'કેમ ભાઈ, આજથી છ વર્ષ પહેલાં મને પણ ક્યાં આમાનું કશું કાંઈ આવડતું હતું ! એ તો કામ જ કામને શીખવાડે ને ! અને સાચું કહું તો આપણી મહેનત-સાધના-પ્રયત્ન આ બધું તો બીજા નંબરે છે. આ માર્ગમાં કૃપા જ કમાલ કરી જાય છે. બાકી હું તો સાવ બોઘા જેવો હતો. કમ્પ્યુટરની મેઈન સ્વિચ કોને કહેવાય એ પણ મને ખબર નહોતી પડતી. અત્યારે પણ કેટલાય સંતો-ભક્તો મને મદદ કરે છે ત્યારે માંડ માંડ મારું ગાડું ગબડે છે.'

મનોજ વચ્ચેથી જ બોલી ઊઠ્યો, 'ગાડું ગબડવાની વાત જવા દે દીપક ! તારી ટેલેન્ટ જોતાં તો અમને એવું લાગે છે કે, કિશોરસભાના સંચાલક તરીકે થયેલી તારી નિમણૂક હવે કિશોરોની રોનક બદલી નાંખશે.' આમ કહી ત્રણેય મિત્રો હાસ્ય સાથે એકબીજા સામું જોઈ દીપકના આ બાબતના ઉદ્ગારો સાંભળવા તત્પર થયા. દીપક થોડીવાર પછી ધીરેથી બોલ્યો, 'હું શું કિશોરોની રોનક બદલવાનો ! આ સત્સંગમાં મારા જેવા ગરીબને કાંઈક સેવા મળી રહે

છે એટલે એ મજૂરીથી મારો નિભાવ થાય છે. અને હા, હું જે સેવા કરું છું તે કાંઈ ઉપકાર નથી કરતો; મારા કલ્યાણના સ્વાર્થથી કરું છું. મારી ખુદની રોનક બદલાવા માટે હું ઠાગાઠૈયા કરું છું.'

પોતાનાં વખાણ સાંભળી લે, સહી લે, થવા દે, કરવા દે કે કરાવે એ બુજાઈ ગયેલો દીપક કહેવાય, પણ આ તો પ્રજ્વલિત દીપક... પ્રશંસાની પ્યાસ છોડી વખાણપ્રૂફ રહેનારો દીપક. પોતાના ગુણોની ગણના ન કરવાની વાતને બરાબર સમજી ચૂકેલો દીપક અને એટલે જ તો દીપક પોતાનાં વખાણ વખતે પોતાને નાનો-નીચો-સામાન્ય દર્શાવવાનો સમય નહોતો ચૂકી જતો. વળી, યશના સાચા અધિકારીને યશ આપવાનો અવસર સમજી તેને વધાવતો રહેતો. ધન્ય છે દીપકની સમજણ ને..!

મિત્રોએ હજુ એક પોઇન્ટ મૂક્યો, "દીપક ! આટલા વર્ષથી તું અનેકવિધ સેવાકાર્યો સંભાળે છે, આ તો તારાથી જ થાય. તારી મહેનત, અભ્યાસ, અનુભવ, શ્રદ્ધા, ભાવના, દાસત્વ આ બધું દાદ માંગી લે.... દીપકે વચ્ચેથી જ બોલવા માંડ્યું, "એમાં તે શું મોટો ઘોદ્યો... કોઈકને પાંચ-પચીશ હજાર રૂપિયા આપ્યા હોય તો એ મારા કરતાંય સારું કરી શકે. મારી મહેનત, અનુભવ, સેવા વગેરે બાબતની તમે તારીફ કરો છો, પરંતુ મારાથી અનંત ગણા વધુ ગુણિયલ, પાયાના પથ્થર આ સત્સંગમાં અનેક ભક્તો છે. માટે આ પાનું ફેરવો. ચાલો આપણે તેમને સંભારીએ અને તેમના ગુણલા ગાઈએ. આમ કહી દીપકે કેટલાક ભક્તોનાં નામ બોલવા માંડી પોતાનો માર્ગ કરી લીધો...

કેટલીક વાતો બાદ સ્પષ્ટ થઈ ગયું કે મિહિર, મનોજ અને કથન વખાણ બાબતે દીપકના હૃદયના ઉદ્ગારો સાંભળવાના હેતુથી જ તેની પાસે આવ્યા હતા, અને એક પછી એક પોઇન્ટ મૂકી તેના હૃદયની તસ્વીર ખેંચી રહ્યા હતા. અંતમાં ત્રણેય મિત્રોએ કહ્યું, 'સોરી દીપક, માફ કરજે પણ હવે છેલ્લે વખાણ અડવા દેવા ન હોય તો શું વિચારાય ? માન-અહં ન આવવા દેવાનો ઉપાય શું ? આ બાબતે સહજ કેમ રહી શકાય ? એ તારા અનુભવની વાત કહી દે...' દીપકે કહ્યું, "અરે ભાઈઓ, જે સચિન તેંડુલકર જેવા બેટ્સમેન હોય એ તો કદાચ એક શ્રેષ્ઠ ક્રિકેટર તરીકે અહં રાખી શકે, પરંતુ ગાભાનો દડો બનાવી કપડાં ધોવાનો ધોકો લઈને શેરીમાં રમનાર સામાન્ય છોકરો આ બાબતનું અહં કેવી રીતે રાખી શકે ? અને રાખે તો એ યોગ્ય પણ કેટલું કહેવાય ? બીજી એક વાત... જ્યાં સુધી જીવમાં માન-અહં છે ત્યાં સુધી વખાણ ગમવાનાં જ. સદ્ગુરુ ગોપાળાનંદ સ્વામીની વાતમાં માન ટાળવાનો સરસ ઉપાય છે, 'વૈરાજપુરુષની તથા પ્રધાનપુરુષની તથા મૂળપુરુષની સામર્થીને જુએ ને તપાસ કરે જે, 'એમના જેવી સામર્થી મારામાં કેટલી છે, જેનું હું માન રાખું છું ?' એમ વિચાર કરે તો માન ટળી જાય..' આવી બધી દીપકની પ્રમાણભૂત વાતોથી ત્રણેય મિત્રો પોષણ પામી ખુશ થયા.

વહાલા ભક્તો ! આ બાબતે એક-બે વિવેક આવશ્યક છે. ક્યારેક મોટાની મરજી એવી કાંઈક હોય તો મૌન રહી આપણાં વખાણ પણ ખમી ખાવાં પડે, સહન કરી લેવાં પડે; પરંતુ આપણા અંતરના ઉદ્ગારો તો આપણને આવા બનાવનારા ઘડવૈયાને યશ આપવાના પક્ષમાં જ હોવા જોઈએ. આપણા વડીલો ક્યારેક રાજીપો દર્શાવવા આપણાં સાચાં વખાણ કરે ત્યારે તેમની કરુણાનો-ધન્યતાનો અહેસાસ કરી વધુ વિનમ્ર બનવું જોઈએ. હા, કોઈક બિચારો ભોળપણમાં કે એની દિવ્યતામાં પ્રભાવિત થઈને આપણા વિષે કાંઈક સહજ બોલવા લાગે તો આડેધડ અવિવેક ન કરવો જોઈએ. આપણને ગુણ કે સફળતા અપાવનાર સંતો-ભક્તોની કૃપા ગાઈને વખાણરૂપ ઝેરથી વિવેકપૂર્ણ રીતે બચવાનો આપણે રસ્તો કરી લેવો જોઈએ, પરંતુ જો કોઈ વ્યક્તિ પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવા કે અન્ય કોઈક બીજી-ત્રીજી અપેક્ષાથી આપણાં વખાણ કરી આપણને પંપ મારતો હોય તો તો થોડા કડક થઈ તેને એકાદ પાઠ ભણાવી પણ દેવો જોઈએ.

વહાલા ભક્તો ! પ્રસ્તુત લેખના માધ્યમે આપણે પણ ચેક કરી લઈએ કે મારાં વખાણ થાય ત્યારે મારા અંતરના વિચારો-ઉદ્ગારો દીપકના જેવા જ હોય છે કે અન્ય કોઈ ? વખાણના શબ્દો સાંભળવા મળે ત્યારે તેનો સ્વાદ ભોગવાય છે કે સાવધાન થઈ જવાય છે ? આપણી નિમ્નતાની યાદ આવે છે કે આપણાં વખાણની પૂર્તિ કરનારા શબ્દોની ? જો આપણને પોતામાં રહેલ ગુણની કોઈ જ અસર કે કિંમત નહિ હોય તો જ આપણે તેનાથી બચી શકીશું. ●●●



# ભક્તવત્સલ ભગવાન

લેખક : સાધુ પ્રસન્નવદનદાસ    ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

એક સમયે અગતરાઈના પરમ ભક્ત પર્વતભાઈના દીકરા મેઘજીના વિવાહ હતા. લગ્નના અમુક દિવસો અગાઉ જેને ઘેર લગ્ન હોય ત્યાં ગામનાં સગાંવહાલાં સૌ ગીત ગાવા આવે, પરંતુ પર્વતભાઈના ઘરે કોઈ ગીત ગાવા આવે નહીં. તેથી પર્વતભાઈનાં ધર્મપત્ની રાધાબાઈએ કહ્યું જે, 'આપણે ગરીબના ઘરે કોણ ગીત ગાવા આવે ? શાહુકારને ત્યાં સહુ જાય.' તે વાત સાંભળીને પર્વતભાઈ બોલ્યા જે, 'તમારે ગીત ગવડાવવા લાવવા હોય તો તમારાં ઘરેણાં લાવો, તે વાણિયાને ત્યાં વેચીને સીધું સામાન લાવીએ.' પછી રાધાબાઈએ પોતાનાં ઘરેણાં આપ્યાં. તે ઘરેણાં અને એક બળદ વેચીને તેનું સીધું સામાન લાવીને ઓરડામાં ભર્યું.

પછી પર્વતભાઈએ ગઢડે જઈ મહારાજને સંતો-ભક્તો સહિત પોતાને ઘેર પધારવાની વિનંતી કરી, ત્યારે ભક્તવત્સલ ભગવાન પર્વતભાઈને રાજી કરવા પર્વતભાઈના ઘરે પધાર્યા. હવે તો મહારાજ ને સંતો પધાર્યા એટલે કથા-વાર્તા ને કીર્તનની રમઝટ થાય ને સારામાં સારી રસોઈ બને. પ્રથમ દિવસે કંસારની રસોઈ હતી. તેમાં મહારાજે સહુ સંતો-ભક્તોને કંસારમાં અખંડ ધારે ઘી પીરસ્યું. આ મહારાજની પીરસણ લીલા જોઈને પર્વતભાઈ રાજી થયા. સાંજે સીધાની રૂમમાં જોયું તો ઘી, લોટ-ગોળ વગેરે સીધું ખૂટી ગયેલું ને વાસણ ધોઈને ઊંધાં વાળેલાં, પરંતુ સવારે જોયું ત્યાં બધાં વાસણ સવળાં તથા ઘી-ગોળ વગેરેથી ભરેલાં દેખાયાં. તે જોઈને સહુ આશ્ચર્ય પામ્યા; એમ સોળ દિવસ સુધી સારી-સારી રસોઈ કરીને સહુને જમાડ્યા. પછી તો સહુ ગામના લોકો પણ કથા-વાર્તા અને કીર્તનનો લાભ લેવા આવવા લાગ્યા.

પછી સોળમે દિવસે મેઘજીને વરઘોડે ફેરવ્યો. તે સમયે રોઝો ઘોડો શણગાર્યો અને મહારાજે પોતાનાં વસ્ત્ર મેઘજીને પહેરાવ્યાં ને કહ્યું, 'ઘોડે બેસો.' ત્યારે મેઘજી કહે, 'હું નહિ, મહારાજ આપ બેસો.' પછી મહારાજ ઘોડે બેઠા અને વરઘોડો આખા ગામમાં ફેરવ્યો. એ રીતે મેઘજીનાં વાજતે-ગાજતે લગ્ન થયાં. પછી સહુ પર્વતભાઈના ઘરે પધાર્યા. પછી મહારાજ સૂવા પધાર્યા ત્યારે મહારાજ કહે, 'અમારી આંખમાં ઘાસનું કણું પડ્યું છે તે કોઈને કાઢતા આવડે છે ?' પછી તો બે-ચાર જણાએ કણું કાઢવા પ્રયત્ન કર્યા પણ કોઈથી કણું નીકળ્યું નહીં.

ત્યારે રાધાબાઈએ કહ્યું, 'હે મહારાજ ! અમારે ઘરે નવી પરણીને આવેલી મેઘજીની વહુ કેસરબાઈને કણું કાઢતા આવડે છે.' પછી મહારાજ કહે, 'તેમને બોલાવી લાવો.' ત્યારે કેસરબાઈ લાજ કાઢીને આવ્યા. ત્યારે મહારાજ કહે, 'આમ લાજ કાઢીને અમારું કણું થોડું નીકળે ?' એમ કહી મહારાજે પોતાના હાથે કરીને લાજને કોરે કરી ને કહ્યું, 'હવે કણું કાઢો.' ત્યારે કેસરબાઈએ મહારાજનાં નેત્ર નીરખીને જોયાં ને જીભે કરીને કણું કાઢ્યું. ત્યારે મહારાજે કહ્યું, 'કેસર ! તમે અમારું કણું કાઢ્યું, માટે આ આંખે જે દેખાય તેનું સર્વ પુણ્ય તમારું છે અને તમે અમારું કણું કાઢ્યું તેથી તમારા અનેક જન્મનું પાપરૂપ કણું અમે કાઢશું અને આ જ જન્મે અમારા અક્ષરધામમાં લઈ જઈને અખંડ અમારી સેવામાં રાખશું.' એમ વર આપ્યો..

વહાલા ભક્તો ! ભગવાન કેવા ભક્તવત્સલ છે ! પોતાના ભક્તને આધીન થઈને કેવા લાડ લડાવે ! પર્વતભાઈના દીકરાના વિવાહમાં પધાર્યા. પોતાના પ્રતાપથી સીધું ખૂટવા ન દીધું. રોજે કથા-કીર્તન કરી પ્રસંગને શોભાવ્યો. નવી પરણીને આવેલી કેસરબાઈને સારુ પોતાની આંખમાં કણું પડવા દીધું ને કેસરબાઈ દ્વારા કઢાવીને કેવું વરદાન આપ્યું...! અહો ! 'રાજી થયાનું પોતે કરાવી રાજી થાઓ છો કેવા કૃપાળુ...' અહો ! કેવા મજાના ભગવાન આપણને મળ્યા છે....!!

●●●

# ચાલો ઘરસભા કરીએ

લેખક :
પ.ભ.શ્રીદિવ્યાંગભાઈ ઠક્કર-આણંદ

ઘરમાં રહેલા દરેક સભ્યને પોતાની કંઈક જવાબદારી તો હોય જ. જેમ કે, બાળકોને ભણવાની જવાબદારી, પપ્પાને નોકરી-ધંધાની જવાબદારી, મમ્મીને ઘર ચલાવવાની અને ઘરના સભ્યોનું ધ્યાન રાખવાની જવાબદારી. આ જવાબદારી નિભાવતાં કંઈક વિપરીત પરિસ્થિતિ આવે એટલે સ્ટ્રેસ વધી જાય, પણ જો આવા સમયે ઘરના સભ્યો સાથે રહી એકબીજાને મદદરુપ થાય તો મુશ્કેલી પણ મંગલ બની જાય. ઘરસભા એક એવું માધ્યમ છે કે જેના દ્વારા ઘરમાં બધા સભ્યો એકબીજાથી નજીક થાય, એકબીજાની મુશ્કેલી શેર કરી શકે અને એકબીજાની મદદ લઈ શકે. તો ચાલો, આ સ્મરણ વર્ષમાં કરીએ ઘરસભા....

પૂ.ગુરુજીએ આ વર્ષનું નામ **"સ્મરણ વર્ષ"** રાખ્યું છે. માટે આ ઘરસભાનો પ્રારંભ સ્મરણથી કરીએ... ઘરના બધા સભ્યોએ ભેગા મળીને ૧૦ મિનિટ ધૂન કરવી.

ત્યારબાદ આ ચોપાઈ બોલી સમૂહમાં પ્રાર્થના કરવી.

**કરી મહારાજે મોટી મહેર, આણ્યો સત્સંગ રૂડી પેર;**
**એહ સત્સંગ છે મોટી વાત, એમાં કલ્યાણ છે સાક્ષાત.**

**પૂજન :** ઘરના સૌથી નાના સભ્યએ મહારાજનું ફૂલ-ચોખા કે તુલસી વડે પૂજન કરવું.

ત્યારબાદ નામ-સ્મરણના મહિમાનું એક કીર્તન બધા સભ્યોએ ભેગા મળીને સાંભળવું અથવા ગાવું.

YouTube

આપણા જીવનમાંથી સ્ટ્રેસ દૂર કરવા પૂ.દયાળુ સ્વામીની વિડિઓ ક્લીપ જોઈએ..

YouTube

જો આપણે જીવનમાં એક ટેવ પાડીશું તો ગમે તેવા સ્ટ્રેસને દૂર કરી શકીશું અને જરૂર હળવા થઈ શકીશું. તે ટેવ છે ‘વાલમ સાથે વાતો કરવી’. પૂ.સ્વામીએ કહ્યું તેમ જો આ સ્મરણ વર્ષમાં રોજિંદા જીવનમાં દરેક કાર્યમાં ભગવાનને સાથે રાખીશું તો તેમની સ્મૃતિ થશે અને ભગવાન સાથે આપણો લાઇવ કોન્ટેક્ટ જળવાઈ રહેશે તો આપણે ગમે તેવા સ્ટ્રેસને દૂર કરી આનંદમાં રહી શકીશું.

**તો આવો કરીએ વાલમ સાથે વાતનો પ્રેક્ટિકલ અભ્યાસ :**

ઘરના દરેક સભ્યએ આખા દિવસમાં પોતાની સાથે જે બન્યું હોય તેની વાતો મહારાજ સાથે કરવી.

જો આપણે સ્મરણ વર્ષમાં વાલમ સાથે વાતો કરવાની ટેવ પાડીશું તો સ્ટ્રેસ તો ઘટશે જ, સાથોસાથે તેના બીજા પણ અનેક ફાયદા થાય છે. તો આવો જોઈએ પૂ.ગુરુજીના મુખે વાલમ સાથે વાતોના ફાયદા...

YouTube

ઘરના બધા સભ્યો ભેગા મળીને નક્કી કરીએ કે, આ સ્મરણ વર્ષમાં ભગવાનને સાથે રાખીને આખા દિવસમાં બનેલી ઘટનાઓમાં વાલમ સાથે વાતો કરવાની ટેવ પાડીએ.

આ ઉપરાંત સ્મરણ વર્ષ ચાલે છે તો ઘરસભામાં ઘરના વડીલે દરેક સભ્યો કેટલું નામસ્મરણ કરે છે તે પૂછીને જેમને સારું થતું હોય તેમને રાજીપો આપવો. છેલ્લે હળવો આનંદ કરીને પ્રસાદ વહેંચવો ને સભાને પૂર્ણ કરવી.

●●●



# છઠ્ઠી સોટી

લેખક : પ.ભ.શ્રીપંકજભાઈ ડી. પટેલ-વડોદરા

એકવાર સદ્ગુરુ શ્રીરામાનંદ સ્વામીએ વાંકમાં આવેલાં કોઈ બહેનને પાંચ સોટીનો દંડ દેવાની એક બહેનને આજ્ઞા કરી હતી. આ બહેને દરેક સોટીએ ‘લે લેતી જા..’ એવું કાંઈક બોલતાં બોલતાં, જાણે કે યુગોની દાઝ ઉતારતાં હોય તેમ પેલાં બહેનને ખૂબ જોરથી વારાફરતી પાંચ સોટી મારી દીધી. ભગવાનનું કરવું તે વેગે ચડી ગયેલાં એ બહેને ફોર્મમાં ને ફોર્મમાં(આવેગમાં ને આવેગમાં), જાણે કે ‘આ પાંચ તો ગુરુજી તરફથી...પણ લે આ છઠ્ઠી મારા તરફથી !’ એવું જ કાંઈક વિચારી છઠ્ઠી સોટી પણ ફટકારી દીધી. પેલાં બહેન તો બેવડ વળી ગયાં હશે, પણ આ બહેનનો હવે વારો હતો. સદ્.રામાનંદ સ્વામીએ કહ્યું કે, ‘આ પાંચ સોટી તો મારી આજ્ઞાથી હતી, જેથી તમારે એનું કાંઈ ભોગવવું નહિ પડે, પણ આ છઠ્ઠી સોટી મારવાની મારી આજ્ઞા ન હતી. એનું તમારે ભોગવવું પડશે..!’ પેલાં બહેન ખૂબ ઢીલાં પડી ગયાં હશે અને કરગર્યાં પણ હશે, પણ ન્યાય એટલે ન્યાય !

આપણને સત્સંગમાં કેટલીક જવાબદારીઓ સોંપવામાં આવે છે. સેવા લેવાની આપણી જવાબદારી હોય છે અને ભક્તોએ પણ મહિમા સમજીને સેવા કરવી જોઈએ; પરંતુ આપણા હાથ નીચે સેવા કરતા ભક્તો ઓછી સેવા કરે, સમયે ન કરે, બિલકુલ ન કરે, કાંઈક ભૂલ કરે, તો મીઠા ઠપકાથી લઈને કડવા તૂર જેવો ઠપકો આપણે આપી દેતા હોઈએ છીએ. ભક્તો મહિમાવાન હોવાથી સહન કરતા હોય છે, કાંઈ કહેતા નથી અને ઉપરથી એવું કહેતા હોય છે કે, ‘મને કહેતા રહેજો. તમે નહિ કહો તો કોણ કહેશે ? તમે તો મારું સારું જ કરો છો.’ એમ સવળું લઈ આપણને નચિંત કરતા હશે, પણ ઘણાને અંતરમાં એમને એક પ્રકારનું દુ:ખ થતું હોય છે. આપણે તો ફોર્મમાં, વેગમાં જ હોઈએ એટલે આ કાંઈ દેખાતું નથી, પરંતુ ભગવાન એક ખૂણામાં રહી આપણી બધી લીલા જોયા કરે છે.

ભગવાને આપણને સારું કુટુંબ, સારી આર્થિક સ્થિતિ, સારી સામાજિક સ્થિતિ વગેરે તમામ બાબતો સારી આપી હોવાથી, જે કહેવામાં આવે તે બધું કરી શકીએ તેમ હોઈએ છીએ. આપણને કદાચ કોઈ દોષ પણ ન સતાવતા હોય, જગત નાશવંત મનાતું હોય, કુટુંબ પરિવાર ખોટાં છે એમ મનાતું હોય, ધન-સંપત્તિ તો તુચ્છ છે, એમ સમજતા હોઈએ, સમય ફાળવી શકતા હોઈએ, સભામાં એવા ઉપદેશ આપતા હોઈએ, સેવા લેવાની આપણી ફરજ પણ હોય...પણ આ બધામાં પાંચ સોટીની આજ્ઞા જેટલું જ થાય તો આપણને કોઈ પણ વાંધો ન આવે. આજ્ઞા અનુસાર કરવાની આપણી ફરજ છે; પરંતુ કોઈ પણ પ્રકારના વેગમાં આવી, જાણે કે આપણું તો બધું ટળી ગયું છે એમ સમજી, જેનું નેતૃત્વ કરીએ એ વર્ગને આપણા તરફથી અતિરેક કરીને પાંચ ઉપર છઠ્ઠી સોટી પણ ક્યારેક મારવા માંડીએ છીએ.

જેમ આપણું સંતાન ગમે તેવું હોય તોપણ આપણને વહાલું હોય છે અને એ દુ:ખી થાય તે આપણાથી જોવાતું નથી; તેમ બધા જ ભગવાનનાં સંતાન છે, પોતાનું સંતાન દુ:ખી થાય તે ભગવાનથી પણ જોવાતું નથી, સહન થતું નથી. ભગવાન આનંદદાતા છે, દુ:ખદાતા નહીં. દુ:ખ આપવાનો એમને કોઈ શોખ નથી. આવી સોટીઓ તો આપણે

કેટલાયને મારતા થઈ જઈએ છીએ. એક પ્રકારનો અજ્ઞાત વેગ આપણા અંતરમાં ચડે છે, જેમાં એમ જ લાગે છે કે, 'હું તો મહારાજની આજ્ઞા મુજબ કરી રહ્યો છું, મારી ફરજ બજાવી રહ્યો છું. મારી રક્ષા તો મહારાજ કરશે..' પણ પેલા વેગમાં સોટીની ગણતરી ભૂલી જવાય છે. જ્યારે કોઈને છઠ્ઠી સોટી પણ મારીએ છીએ ત્યાર પછી મહારાજ બાજી સંભાળી લે છે અને આપણને બીજી રીતે દુ:ખ મોકલે છે. આપણે ઘણો રાજીપો કમાતા હોઈએ એનાથી સુખ પણ એટલું જ આવતું હોય એટલે આ છઠ્ઠી સોટીથી પ્રવેશેલું દુ:ખ નજરમાં આવતું નથી. આપણી ક્રિયાઓ ચાલુ જ રહેતી હોવાથી, એ દુ:ખરૂપી કેન્સરની ગાંઠ મોટી થતી જતી હોય છે અને જ્યારે ખ્યાલ આવે ત્યારે ખૂબ મોડું થઈ ગયું હોય છે. આ દુ:ખ એટલે કે ગમે એટલાં સેવા-ભજન કરવા છતાં ભગવાન ન સાંભરવાનું દુ:ખ ! સેવા-ભજનનું સાચું ફળ અંતરમાં મૂર્તિ અખંડ દેખાવી, અંતરમાં સૌ પ્રત્યે સદ્ભાવ રહેવો, સૌ પ્રત્યે કરુણા રહેવી, આપણામાં દીનતા રહેવી એ છે. આ ફળ ન મળે ને આપણા સ્વભાવ વધે એનાથી મોટી નુકસાની કઈ હોઈ શકે ?

જેમ લાઇટ બીલ ન ભર્યું હોય તો કનેક્શન કપાઈ જાય છે, તેમ છઠ્ઠી સોટી મારવા માંડીએ એટલે ભગવાન સાથેનું કનેક્શન કપાઈ જતાં, અંતરમાં અંધારું થઈ જાય છે. ભગવાનના સુખમાં કાપ મુકાય જાય છે. આપણામાં રાજીપાના ફળ સ્વરૂપે ખીલેલા ગુણ આપોઆપ કરમાવા માંડે છે. આ બધું આપણે છોડને નિયમિત રાજીપારૂપી ખાતર-પાણી આપતા હોવા છતાં થાય છે. કેમ કે કનેક્શન કપાઈ ગયું હોય છે. આપણી અંતર્દૃષ્ટિમાં મોતિયો આવી જાય છે પરિણામે કાંઈ દેખાતું પણ નથી. દુ:ખનું મૂળ શોધવા આપણે કઈ સ્થૂળ આજ્ઞા લોપાઈ છે એ તપાસતા રહીએ છીએ, પણ આ પાંચ જ સોટી મારવાની આજ્ઞા લોપાઈ છે અને એ જ આ દુ:ખનું સાચું મૂળ છે, એ પકડાતું નથી.

ન્યૂટનનો ત્રીજો નિયમ એમ કહે છે કે, આઘાત અને પ્રત્યાઘાત એકસરખા અને સામસામી દિશામાં હોય છે. દિવાલ પર દડો મારીએ તો એ જ સ્પીડમાં એ સામો આવશે. આ જ નિયમ સત્સંગમાં લાગુ પાડીએ તો આપણને સારી ભાવનાના બદલામાં સુખ-આનંદ અને નબળી ભાવનાના બદલામાં દુ:ખ-ઉદ્વેગ મળે છે. આપણે આપણા અંતરમાં તપાસ કરીએ તો ખ્યાલ આવે કે, જ્યારે પણ આપણે કોઈ પણની નેગેટિવ વાત સાંભળતા કે બોલતા હોઈશું તો અંતર અમૂક કલાક સાવ લૂખું બની જાય છે, અને જ્યારે પણ કોઈની પોઝિટિવ વાત સાંભળતા કે બોલતા હોઈશું તો અંતર આનંદથી ભરાઈ જતું હશે. નેગેટિવ વાઇબ્રેશનમાં લેવાયા તો નેગેટિવિટી મળે છે અને પોઝિટિવ વાઇબ્રેશનમાં મહાલ્યા તો પોઝિટિવ ઊર્જા મળે છે. આમાં ક્યારેય ઊલટ સૂલટ થતું નથી.

ભગવાને આપણી આજુબાજુ ઘણા સંતો-ભક્તો મૂક્યા છે. આ બધાને કાંઈ જ ન આપીએ, એમની કાંઈ જ સેવા ન કરીએ, તો પણ માત્ર એમના વિષે સારી ભાવના કરીએ કે, 'આ તો બહુ સારા છે, જેમ કાંઈક લાયકાત હોય તો જ મોટી યુનિવર્સિટીમાં એડમિશન મળે, એમ આમનામાં પણ કાંઈક છે કે જેને કારણે ભગવાને એમને આ દિવ્ય સત્સંગમાં રાખ્યા છે.' આવા ભક્તોને સુખી ન કરી શકીએ તો માફ, પણ કોને કોને આપણે કઈ કઈ રીતે છઠ્ઠી સોટી મારી દુ:ખ પહોંચાડીએ છીએ ?! એ તપાસતા રહીએ. આપણે ખરેખર સુખી છીએ, ભગવાન ભૂલાતા નથી તો સમજવું કે આપણાથી બધા સુખી છે, કોઈને વધારાની સોટી મારતા નથી; પરંતુ આપણે ગમે એટલાં સેવા-ભજન કરતા હોઈએ પણ ભગવાન વિસરાઈ જતા હોય, અંતરમાં ખાલીપો રહેતો હોય; તો જરૂર સમજવું કે આપણે તાન-વેગમાં આવી જઈને, ભગવાનના કોઈક સંતાનને દુ:ખ પહોંચાડ્યું છે, છઠ્ઠી સોટી મારી દીધી છે !

માટે મહારાજને કરગરીને પ્રાર્થના કરીએ કે, 'હે દીનદયાળુ ! મારી ભૂલ ક્ષમા કરજો. મારાથી જે કોઈને છઠ્ઠી સોટી વાગી ગઈ છે, એમને હે નાથ ! અંતરથી સુખી કરજો અને મારાથી આ ભૂલ ફરી ન થાય એવી કરુણા કરજો. મારાં વેગ-તાન નાબૂદ કરી, મને સાચા રસ્તે ચડાવી દેજો.' ●●●

તા.૨૩/૦૮/૨૦૨૨ શ્રાવણ વદ-૧૧ના જાગરણ પ્રસંગે શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ દ્વારા આયોજિત **શાયરી સંમેલન-૩**માં ભક્તોએ રજૂ કરેલ શાયરીઓ...

# અંતરનો અરીસો

(આધ્યાત્મિક શાયરી)

**પ્રેરક : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામ**

अनादी काल से इस जीव ने कई बदली काया,
हिसाब लगा के देख ले अबतक तुंने क्या पाया,
जन्म मृत्यु का वही चक्कर और फिर वही माया,
नहि हुँ मैं यह मन, बुद्धि और काया,
जीवन बस एक सपना है, मैं उसमें हुँ फसाया,
वृत्ति लगा के हरि में, कह दु मैं तेरी शरण में आया,
प्रभु पाने का बस एक यही उपाय संतो ने बताया, संतो ने बताया...

શૈલેષભાઈ કૃષ્ણકાંત દવે – વાપી

---

આવ્યો હતો જ્યારે પ્રથમ દિવસે, હતો સરલ સ્વભાવ ને ગરજદાર.
ખબરદાર હતો પાળવામાં આજ્ઞા, પાછો પડ્યો તું શીદ મન વિચાર?
હતી expectations મહારાજની, કંઈક મારા માંય
પણ વિચાર એવા કરતો રહ્યો, નથી એવી ખોટ મારામાં કાંઈ
રાજી કરવા છે હરિવરને, સંતો-ભક્તો વિના નહિ ઉદ્ધાર
પ્રેમ અને નિષ્ઠા વધારવા, સમયે સમયે update કરીશ મારાં વાણી વિચાર.

વિકાસ જયંતીભાઈ પટેલ-કેનેડા

---

આપું હું મને જ ઉપદેશ, મારામાં જ છે સુધારાની જરૂર,
પ્રગતિ તો તો જ થાય, જો મારી ખામીઓ ધારું ઉર,
કહ્યું છે મહારાજે વચનામૃતમાં અનેક વાર,
જો લીધા અવગુણ ભક્તના, તો થઈ જઈશ મારાથી દૂર.

---

બીજાની જ ભૂલો મનમાં ધર્યા કરું છું,
ઉપદેશક બનીને હું ફર્યા કરું છું,
ડાઘ છે મારા ચહેરા પર,
અને હું અરીસો સાફ કર્યા કરું છું.

અભિષેક મગનભાઈ સોનગરા – ગુવાહાટી

# શ્રધ્ધાંજલી

## ● અક્ષરવાસ : અ.નિ.પ.ભ.શ્રીનાનજીભાઈ લાલજીભાઈ ભાદાણી



મૂળગામ ગોરડકાના પ.ભ.શ્રીનાનજીભાઈ લાલજીભાઈ ભાદાણી તા.૧૮/૦૨/૨૦૨૩ના રોજ ૮૨ વર્ષની ઉંમરે પ્રભુસ્મરણ કરતા થકા અક્ષરનિવાસી થયા છે. નાનજીદાદા છેલ્લા ઘણાં વર્ષોથી પૂ.ગુરુજી સાથે જોડાયેલા હતા અને ૧૮ વર્ષથી કુંડળધામમાં સમર્પિત થઈ સેવા કરતા હતા. તેમણે કુંડળધામમાં ગૌશાળા, ખેતીવાડી, બાગબગીચા વગેરેની જેમ સંતો કહે તેમ ઘરધણી થઈને ખૂબ નિર્માનીપણે સેવા કરી સૌનાં દિલ જીતી લીધાં હતાં.

નાનજીદાદાનો સ્વભાવ સરળ અને શાંત હતો. તેઓ હંમેશાં મહારાજ અને સંતોની આજ્ઞા ધ્યાનમાં રાખી જીવન જીવતા. ૧૮ વર્ષમાં તેમની એક પણ ફરિયાદ કોઈ સંતો કે સમર્પિત ભક્તોએ કરી નથી; એવું તેમનું ફરિયાદરહિત જીવન હતું. કુંડળધામના સમર્પિત ભક્તોમાં વધારે હાજરી તેમની રહેતી. તેમનું મન સંસાર-વ્યવહારમાં અનાસક્ત હતું. નાનજીદાદાએ કુંડળધામમાં રહીને સત્સંગ-ભજન અને સેવા કરતાં કરતાં વચ.ગ.પ્ર.૧માં કહ્યા પ્રમાણે અખંડ સ્મરણની ટેવ પાડી હતી. ભક્તોના ભીડામાં મસળાતા, સૌની સાથે ભળીને રહેતા, નાના-મોટા સહુની નિર્માનીપણે સેવા કરતાં કરતાં તેમને આવી ઉચ્ચતમ સ્થિતિ પ્રાપ્ત થઈ હતી. કુંડળધામમાં બધા સાથે દૂધમાં સાકર ભળે તેમ માન-સન્માનની અપેક્ષા રાખ્યા વગર સહુમાં ભળીને તેઓ રહેતા હતા. વળી ક્યારેય તેમણે જીવનમાં કોઈનોય અભાવ-અવગુણ લીધો હોય કે તેમને કોઈની સાથે ફાવ્યું ન હોય તેવું બન્યું નથી.

તેમણે મંદિરમાં રહેવા છતાં ક્યારેય પોતાની સુખ-સગવડતા માટે મંદિરનાં વસ્તુ-પદાર્થનો ઉપયોગ કર્યો નથી. સવારે સ્નાન કરવા જાય તો ક્યારેય ગરમ પાણીથી સ્નાન ન કરતા, ઉતારામાં પણ પોતાના માટે લાઇટ-પંખો ચાલુ ન કરે કોઈ પૂછે તો કહેતા કે, ‘મંદિરને એટલું ઓછું લાઇટબીલ આવે ને !’ પોતાના દેહનો અનાદર રાખે અને બીજાનો મહિમા રાખી તેમને સુખ થાય તેમ કરે. કુંડળધામમાં ઉતારામાં સાથે રહેતા ભક્તોને પોતા થકી કોઈ અગવડ ન પડે એ માટે સાંજે કબાટમાંથી પૂજા કાઢી બહાર મૂકી દે, જેથી સવારમાં બીજા કોઈ સૂતા હોય તો તેમને ઊંઘમાં તકલીફ ન થાય.

નાનજીદાદાને ભજનનું અંગ ખૂબ સારું હતું. તેઓ લગભગ રોજ ૧૨ વાગ્યા સુધી ભજન-માળા વગેરે કરતા હોય, વળી રાત્રે ઊંઘ ઊડી જાય તો પાછા સૂઈ જવાને બદલે માળા કરે. જ્યારે બધા જાગે ત્યારે સાથે સ્નાન કરવા જાય, પણ વ્યર્થ સમય બગાડતા નહીં. બપોરે બધા આરામ કરતા હોય ત્યારે દાદા માળા કરે. વળી, હાલતાં-ચાલતાં, ખાતાં-પીતાં દરેક ક્રિયામાં દાદા સતત સ્મરણ કર્યા કરતા. તેઓ એવું માનતા કે દેહ તો ભગવાને આપેલ માંગ્યું ઢોર છે. તેની પાસે ભજન કરાવી કલ્યાણનું કામ કરી લેવાય, પણ તેના પાલન-પોષણમાં સમય ન બગાડાય. જેવો દેહનો અનાદર હતો તેવું જ સંબંધીમાં પણ નિ:સ્નેહીપણું હતું.

તેઓ પોતાના સમકક્ષ ભક્તોનો પણ મહિમા રાખતા. કથામાં બેઠા હોય ત્યારે કોઈ ભક્તો તેમની પાસેથી પસાર થાય તો ત્યાંથી ચરણરજ લઈ માથે ચડાવે. ભગવાનના ભક્તો સાથે મને રહેવા મળે જ ક્યાંથી ? એવા અહોભાવ સાથે તેઓ આનંદથી સેવા-ભજન કર્યા કરતા; આવા મહિમાએ સહિત ભજનના પ્રતાપે તેઓ સ્વાદ, માન, ક્રોધ, ઈર્ષા, કામ, પંચવિષયની આસક્તિ વગેરે દોષોથી રહિત થઈ ગયા હતા. નાનજીદાદાએ પોતાની અમુક જમીન પણ કુંડળધામને અર્પણ કરી દીધી હતી.

નાનજીદાદાના સેવા, સમર્પણ, નિ:સ્પૃહીપણું, ભગવદ્ભજન, સંતો-ભક્તોનો મહિમા વગેરે સદ્ગુણોથી પ્રસન્ન થઈ વહાલા મહારાજે તેમને પોતાની દિવ્ય અનુભૂતિ પણ કરાવી, કોઈ પ્રકારની પીડા ભોગવ્યા વગર હાર્ટએટેકને નિમિત્ત બનાવીને પોતાના ધામમાં ચિરંતન કાળ સુધી પોતાની મૂર્તિના મહાસુખે સુખિયા કર્યા છે. પ.ભ.નાનજીદાદાને વહાલા મહારાજ પોતાની મૂર્તિનું અખંડ મહાસુખ આપે તથા તેમના દીકરા ઘનશ્યામભાઈ આદિક પરિવારજનોને તેમના જેવા દિવ્ય સદ્ગુણો આપે એવી શ્રીહરિનાં ચરણોમાં પ્રાર્થના...

## ● અક્ષરવાસ : અ.નિ.પ.ભ.નરશીભાઈ જાદવભાઈ કુકડિયા



વલ્લભીપુર નિવાસી પ.ભ.નરશીભાઈ જાદવભાઈ કુકડિયા તા.૦૯/૦૨/૨૦૨૩ના રોજ ૯૧ વર્ષની ઉંમરે પ્રભુસ્મરણ કરતા થકા અક્ષરનિવાસી થયેલ છે. નરશીદાદાએ દાદાગુરુ પ.પૂ.શ્રીરાધારમણદાસજી સ્વામી પાસે કંઠી બંધાવી તેમને સેવા કરી ખૂબ રાજી કર્યા હતા, ત્યારબાદ પૂ.ગુરુજીમાં ગુરુભાવ રાખીને તેમની આજ્ઞામાં રહેતા હતા. નરશીદાદાએ ૨૦ વર્ષ સુધી શ્રીસ્વામિનારાયણ મંદિર, વલ્લભીપુરમાં પૂજારી તરીકે નિઃસ્વાર્થભાવે સેવા-પૂજા કરી હતી. ત્યારબાદ ૮ વર્ષ કુંડળધામમાં સમર્પિત થઈ નિષ્ઠાપૂર્વક સેવા કરી સંતો-ભક્તોનો ખૂબ રાજીપો લીધો હતો. તેઓ મુખ્યત્વે સિલાઈ કામની સેવા કરતા હતા. સ્વભાવે શાંત, ધર્મનિષ્ઠ અને સરળ એવા નરશીદાદાનું જીવન ક્રોધ, વિરોધ કે ટીકા-નિંદાથી રહિત હતું. તેઓ આખો દિવસ કથા, કીર્તન અને સેવા કર્યા કરતા, પણ વ્યર્થ સમય બગાડતા નહીં; એવું સત્સંગપરાયણ તેમનું જીવન હતું. તેમણે વિડીઓ ધ્યાન દ્વારા મહારાજની માધુરી મૂર્તિનું સુખ લેતાં લેતાં છેલ્લા શ્વાસ લીધા ને શ્રીજીની મૂર્તિને પામી ગયા. શ્રીજીમહારાજ નરશીદાદાના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ મહાસુખ આપે તથા તેમના પરિવારજનોને તેમના જેવા સદ્‌ગુણો આપે એવી પ્રાર્થના...

## ● અક્ષરવાસ : અ.નિ.પ.ભ.જીવરાજભાઈ જસમતભાઈ કેવડિયા



મૂળગામ રોહિશાળાના હાલ સુરતમાં રહેતા જીવરાજભાઈ જસમતભાઈ કેવડિયા તા.૨૯/૦૧/૨૦૨૩ના રોજ ૭૬ વર્ષની ઉંમરે પ્રભુસ્મરણ કરતા અક્ષરવાસી થયા છે. તેઓ છેલ્લા ૩૫ વર્ષથી પૂ.ગુરુજી સાથે જોડાયેલા હતા. તેઓ ગામમાં દર એકાદશીએ જાગરણમાં તબલા વગાડી સૌને ભજનમાં જોડતા. તેમણે કુંડળધામમાં ૮ વર્ષ સુધી સમર્પિત થઈ નિર્માનીપણે સેવા કરી મહારાજ અને સંતો-ભક્તોનો રાજીપો લીધો હતો. તેઓ ક્યારેય અભાવ-અવગુણ કે ટીકા-નિંદાની પ્રવૃત્તિમાં જોડાતા નહીં. તેઓ સ્વભાવે સરળ, ઉદાર અને નીતિમત્તાવાળા હતા. દીકરાઓને પણ એવી જ શિખામણ આપતા કે, 'ભલે ભૂખ્યા રહેજો પણ કોઈનું પણ અણહક્કનું ઘરમાં લાવતા નહીં, ઈમાનદારીથી નોકરી-ધંધો કરજો, ભગવાન તમને ક્યારેય ભૂખ્યા નહિ રાખે.' આવો તેમને મહારાજનો દૃઢ ભરોસો હતો. શ્રીજીમહારાજ જીવરાજભાઈને પોતાની મૂર્તિનું મહાસુખ આપે તથા તેમના દીકરાઓ દિલિપભાઈ તથા દેવરાજભાઈ આદિક પરિવારજનોને તેમના જેવા સદ્‌ગુણો આપે એવી પ્રાર્થના...

## ● અક્ષરવાસ : અ.નિ.પ.ભ.લીંબાભાઈ કરશનભાઈ સુહાગિયા



મૂળગામ મોટા ઝીંઝુડાના હાલ સુરતમાં રહેતા પ.ભ.લીંબાભાઈ કરસનભાઈ સુહાગિયા તા.૦૩/૦૨/૨૦૨૩ના રોજ ૮૫ વર્ષની ઉંમરે પ્રભુ સ્મરણ કરતા થકા અક્ષરવાસી થયેલ છે. તેઓ પરંપરાથી સત્સંગી હતા. તેમણે પોતાના ગુરુ અ.નિ.પ.પૂ.શ્રીભક્તિજીવન સ્વામી(ગઢડા)ની ખૂબ સેવા કરી રાજી કર્યા હતા. વળી પોતાના ગામ મોટા ઝીંઝુડાના શ્રીસ્વામિનારાયણ મંદિરમાં ૧૨ વર્ષ સુધી પૂજારી તરીકે ખૂબ સારી સેવા કરી મહારાજને રાજી કર્યા હતા. તેમના દીકરા રજનીભાઈ સુહાગિયા(હૈદરાબાદ) સત્સંગમાં ખૂબ સારી નિષ્ઠા રાખી સેવા-ભક્તિ કરે છે. શ્રીજીમહારાજ લીંબાભાઈના આત્માને પોતાની મૂર્તિનું મહાસુખ આપે એવી પ્રાર્થના...

## ● અક્ષરવાસ : અ.નિ.પ.ભ.ગોરધનભાઈ ભગવાનભાઈ પટેલ



વડોદરામાં રહેતા પ.ભ.ગોરધનભાઈ ભગવાનભાઈ પટેલ તારીખ ૩૦/૦૧/૨૦૨૩ના રોજ ૭૪ વર્ષની ઉંમરે હરિ સ્મરણ કરતાં થકા અક્ષરવાસી થયેલ છે. તેઓ વર્ષોથી પૂ.ગુરુજી સાથે જોડાયેલા હતા. તેઓ નિર્માની અને ગરીબ સ્વભાવના હતા. તેઓ છેલ્લા ૮ વર્ષથી શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરામાં સાફ-સફાઈ, સભામંડપમાં પાથરણાં પાથરવાં, પ્રસાદ વહેંચવો વગેરે સેવા નિયમિતપણે ડૂબીને કરતા હતા. શ્રીજીમહારાજ ગોરધનભાઈના આત્માને પોતાની મૂર્તિનું અખંડ મહાસુખ આપે અને તેમના પરિવારજનોને તેમના જેવા સદ્ગુણો આપે એવી પ્રાર્થના...

## ● અક્ષરવાસ : અ.નિ.પ.ભ.ધરમશીભાઈ દિયાળભાઈ ગાબાણી



મૂળગામ ખોપાળા અને હાલ ભાવનગરમાં રહેતા પ.ભ.ધરમશીભાઈ દિયાળભાઈ ગાબાણી તા.૦૧/૦૨/૨૦૨૩ના રોજ ૭૪ વર્ષની ઉંમરે અક્ષરવાસી થયેલ છે. તેઓએ પોતાના ગુરુ પ.પૂ.બાલકૃષ્ણાનંદ બ્રહ્મચારી(ગઢડા)ને સેવા કરી ખૂબ રાજી કર્યા હતા. છેલ્લા ૩૫ વર્ષથી તેઓ શ્રીસ્વામિનારાયણ મંદિર, લોખંડ બજાર-ભાવનગરમાં ટ્રસ્ટી તરીકે ઘરધણી બનીને સેવા કરતા હતા. તેઓ રોજ સવારે શણગારથી રાજભોગ આરતી સુધી મંદિરમાં જ રહેતા. તેઓ સરળ અને મળતાવડા સ્વભાવના હતા. શ્રીજીમહારાજ ધરમશીભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું મહાસુખ આપે તથા પરિવારજનોને તેમના જેવા સદ્ગુણો આપે એવી પ્રાર્થના...

# સત્સંગ સમાચાર

## ● રવિસભા એવં શાકોત્સવ-દિવ્યબાગ, નડિયાદ





શ્રીસ્વામિનારાયણ સત્સંગ હોલ, દિવ્યબાગ- નડિયાદ ખાતે તા.૦૫/૦૨/૨૦૨૩ ને રવિવારના રોજ પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામની પ્રેરણાથી રવિસભા એવં શાકોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. રવિસભામાં પૂ.ગુરુજીએ સદ્.શ્રીપ્રેમાનંદ સ્વામી કૃત 'પ્રાણી સ્વામિનારાયણ દેવ સત્ય છે...' એ કીર્તન વિવેચનના માધ્યમે પ્રભુસ્મરણના મહિમા અને પરચાની વાતો કરી અનેરી શીખ આપી હતી. આ પ્રસંગે નડિયાદના અધિકારીશ્રીઓ, ડૉક્ટર્સ, સમાજસેવકો તથા ગામોગામથી અનેક હરિભક્તોએ પધારી રવિસભાનો આસ્વાદ માણી, આશીર્વાદ અને પ્રસાદગ્રહણ કરી ધન્યતા અનુભવી હતી. આ સમગ્ર કાર્યક્રમના યજમાનપદની સેવાનો લાભ નડિયાદ સ્થિત પ.ભ.ડૉ.અશ્વિનભાઈ સોમાભાઈ પટેલે લીધો હતો.

## ● ખાતમુહૂર્ત એવં ત્રિરાત્રી સત્સંગ જ્ઞાનયજ્ઞ-બોટાદ







શ્રીહરિના દિવ્ય પદારવિંદથી અંકિત બોટાદ શહેરના આંગણે પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામની પ્રેરણાથી નિર્માણ થનારા ગઢપુરપતિ શ્રીગોપીનાથજી મહારાજના તાબાના નૂતન શ્રીહરિમંદિરના ખાતમુહૂર્ત પ્રસંગે તા.૦૬/૦૨ થી તા.૦૮/૦૨/૨૦૨૩ દરમ્યાન ત્રિરાત્રી સત્સંગ જ્ઞાનયજ્ઞનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પૂ.ગુરુજીએ 'શ્રીહરિકૃષ્ણચરિત્રામૃત સાગર' ગ્રંથની મધુર કથાનું રસપાન કરાવ્યું હતું.

આ પાવન પ્રસંગે તા.૦૮/૦૨/૨૦૨૩ના રોજ સાંજે ૫:૦૦ કલાકે પૂ.ગુરુજી, પ.પૂ.સદ્.શા. શ્રીજ્ઞાનપ્રકાશદાસજી સ્વામી-ગાંધીનગર, પ.પૂ.સદ્.શા. શ્રીભક્તિપ્રિયદાસજી સ્વામી-ઘેલાકાંઠે ગઢપુરધામ, પ.પૂ.શા.શ્રીહરિજીવનદાસજી સ્વામી-ચેરમેનશ્રી, ગઢપુરધામ વગેરે પવિત્ર સંતોનાં કરકમળો દ્વારા ખાતમુહૂર્ત વિધિ સંપન્ન થઈ હતી. આ પ્રસંગે ધામોધામથી પધારેલ પૂ. સંતોએ દર્શન અને આશીર્વાદનો લાભ આપ્યો હતો. આ મંદિરના નિર્માણ માટે કુંડળધામ દ્વારા જમીન સંપાદન કરવા માટે આર્થિક સહયોગ કરવામાં આવ્યો હતો. ઉપરાંત શ્રીજીના લાડીલા બોટાદવાસી અનેક હરિભક્તોએ પણ સ્વયંભુ દાનની અવિરત સરવાણી વહાવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત સૌ સંતો-ભક્તો સંતદર્શન, આશીર્વચન અને દિવ્ય શાકોત્સવના પ્રસાદનો અલૌકિક લાભ લઈ ધન્ય થયા હતા.

## ● દ્વિદશાબ્દી મહોત્સવ- કંજરી



શ્રીલક્ષ્મીનારાયણ બાળધૂન યુવક મંડળ-કંજરીના ૨૦ વર્ષ પૂર્ણ થતાં પ.પૂ.સદ્.શા. શ્રીવિશ્વવલ્લભદાસજી સ્વામીની પ્રેરણાથી તારીખ ૨૯ જાન્યુઆરી થી ૨ ફેબ્રુઆરી, ૨૦૨૩ સુધી દ્વિદશાબ્દી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવમાં વડતાલધામના આગામી દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં પ.પૂ.શા.શ્રીપ્રિયદર્શનદાસજી સ્વામી(પીજ)ના વક્તાપદે 'શ્રીહરિસ્મૃતિ કથા જ્ઞાનયજ્ઞ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવમાં ધામોધામથી અનેક સંતો પધાર્યા હતા, જેમાં કુંડળધામથી પૂ.ગુરુજી વતી પૂ.દયાળુ સ્વામીએ પધારી પ્રાંસગિક ઉદ્બોધન કર્યું હતું.

## ● સત્સંગ સભા એવં શાકોત્સવ-અમદાવાદ





તા.૧૫/૦૨/૨૦૨૩ને બુધવારના રોજ પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામની પ્રેરણાથી શ્રીસ્વામિનારાયણ સત્સંગ સમાજ, પશ્ચિમ ઝોન-અમદાવાદ દ્વારા સત્સંગ સભા એવં શાકોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પૂ.ગુરુજીએ સંતમંડળ સાથે પધારી, સદ્.શ્રીમાધવદાસ સ્વામી કૃત 'શ્રીહરિકૃષ્ણચરિત્રામૃતસાગર ગ્રંથ'ની કથાનો અનેરો લાભ આપ્યો હતો. જેમાં શ્રીહરિએ સારંગપુરમાં કરેલી અલૌકિક લીલાઓ સંભળાવી સૌને પ્રભુમાં જોડ્યા હતા. આ પ્રસંગે અનેક મહાનુભાવો, અધિકારીશ્રીઓ, ડોક્ટર્સ તથા આજુબાજુના ગામના ભક્તો સંતદર્શન એવં પ્રભુ પ્રસાદનો અલૌકિક લાભ લઈ ધન્ય બન્યા હતા. આ સત્સંગ સભા તથા શાકોત્સવના યજમાનપદની સેવાનો લાભ પ.ભ.શ્રીહર્ષદભાઈ મોહનભાઈ પટેલે લીધો હતો.

## ● સ્વામિનારાયણ પ્રીમીયર લીગ(SPL) - ૫ - કુંડળધામ






આજના આ આધુનિક યુગમાં યુવાનો અને બાળકોનું સર્વાંગી ઘડતર થાય તથા ગમ્મત સાથે જ્ઞાન થાય તેવા શુભ હેતુથી કુંડળધામમાં તા.૨૫/૦૨ થી તા.૨૬/૦૨/૨૦૨૩ દરમ્યાન પૂ.ગુરુજીએ સ્વામિનારાયણ પ્રીમીયર લીગ-૫નું આયોજન કરાવ્યું હતું. શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા તથા કુંડળધામ સંચાલિત બાલ-યુવા પ્રવૃત્તિ દ્વારા આયોજિત આ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ૭ ઝોનમાંથી સહજાનંદી યુવાનોની ૧૨ ટીમોએ ભાગ લીધો હતો.

શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામમાં આવેલા કથા મંડપમાં સંતોએ યુવકોને રક્ષાસૂત્ર બાંધી ટુર્નામેન્ટનો પ્રારંભ કરાવ્યો હતો. આ ટુર્નામેન્ટમાં સમયે સમયે પૂ.ગુરુજી તથા સંતોએ હાજરી આપી યુવાનોને પ્રોત્સાહન તથા રાજીપો આપ્યો હતો. વળી, બંને દિવસ પૂ.સંતોએ ગોષ્ઠી અને વિવિધ ઉત્સવો દ્વારા યુવાનોનું આધ્યાત્મિક પોષણ કર્યું હતું. છેલ્લા દિવસે દયાળુબાગમાં પૂ.ગુરુજીએ વિનર ટીમ તથા રનર્સ અપ ટીમને ટ્રોફી વિતરણ કરીને રૂડા આશીર્વાદ આપ્યા હતા. આ ટુર્નામેન્ટમાં ભાગ લેનાર સર્વે યુવાનો પૂ.ગુરુજી તથા સંતોનો રાજીપો મેળવી ખૂબ આનંદ પામ્યા હતા.

## ● નૂતન અક્ષરભુવન (મ્યુઝિયમ) પ્રથમ સ્તંભ સ્થાપન સમારોહ-વડતાલધામ








શ્રીસ્વામિનારાયણ મંદિર, વડતાલધામ ખાતે તા.૩ થી ૫ ફેબ્રુઆરી, ૨૦૨૩ દરમ્યાન નૂતન અક્ષરભુવન(મ્યુઝિયમ) પ્રથમ સ્તંભ સ્થાપન સમારોહ ઉપક્રમે ત્રિદિનાત્મક શ્રીહરિયાગનું વિશિષ્ટ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તા.૦૫/૦૨/૨૦૨૩ મહા સુદ-૧૫, પૂનમ ને રવિવારના રોજ રવિસભા-૭૩ એવં શાકોત્સવનું પણ ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ રવિસભામાં પ.પૂ.ગુરુજીએ 'ધન્ય પૂનમિયાં નરનાર્ય રે; આવે વડતાલે...' કીર્તન વિવેચનના માધ્યમે વડતાલવિહારી શ્રીહરિકૃષ્ણ મહારાજ અને શ્રીલક્ષ્મીનારાયણ દેવના મહિમા, પરચાની સદ્દૃષ્ટાંત કથાનો લાભ આપી સૌ સંતો-ભક્તોને શ્રીહરિજી મહારાજના મહિમામાં ગરકાવ કરી દીધા હતા. રવિસભાને અંતે ગોમતીજીના આરે આકાર લઈ રહેલ ભવ્યાતિભવ્ય નૂતન અક્ષરભુવન (મ્યુઝિયમ)ના પ્રથમ સ્તંભ સ્થાપનવિધિ પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્ય શ્રીરાકેશપ્રસાદજી મહારાજ, પ.પૂ. ગુરુજી, પ.પૂ.શ્રીદેવપ્રકાશદાસજી સ્વામી-ચેરમેનશ્રી વડતાલ-ધામ, પ.પૂ.શા.શ્રીસંતવલ્લભદાસજી સ્વામી-કોઠારીશ્રી વડતાલધામ, પ.પૂ.સદ્.શા.શ્રીનૌતમપ્રકાશદાસજી સ્વામી -પ્રમુખશ્રી સત્સંગ મહાસભા વડતાલધામ વગેરે સંતોનાં કરકમળો દ્વારા પવિત્ર મંત્રોચ્ચાર અને પૂજનવિધિ સાથે સંપન્ન થઈ હતી. આ પ્રસંગે હજારો હરિભક્તોએ હાજરી આપી આ ધન્ય ઘડીના સાક્ષી બનવાનો આનંદ લૂંટ્યો હતો.

## ● ગુરુવંદના મહોત્સવ- જામજોધપુર



શ્રીસ્વામિનારાયણ મંદિર, જામજોધપુરના આંગણે અ.નિ.સદ્.શા.શ્રીભગવત્ચરણદાસજી સ્વામીની સ્મૃતિમાં તારીખ ૨૯ જાન્યુઆરી થી ૪ ફેબ્રુઆરી, ૨૦૨૩ દરમ્યાન ભવ્ય "ગુરુવંદના મહોત્સવ"નું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અ.નિ.પ.પૂ.સદ્.શા.શ્રીભગવત્ચરણદાસજી સ્વામીની સ્મૃતિમાં શ્રીમદ્ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના વક્તાપદે સરધાર નિવાસી પ.પૂ.સદ્.શ્રીનિત્યસ્વરૂપદાસજી સ્વામીએ સુંદર કથામૃતનું રસપાન કરાવ્યું હતું. સાથોસાથ કોરોનામાં ધામમાં ગયેલા આત્માઓના સ્મરણાર્થે ૩૦ જેટલા પરિવારો માટે ભૂદેવો દ્વારા શ્રીમદ્ભાગવતજીનું સંહિતા પારાયણ પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તા.૩૧/૦૧/૨૦૨૩ના રોજ પ.પૂ.શ્રીરાધારમણદાસજી સ્વામીના પ્રેમને કારણે કુંડળધામથી પૂ.ગુરુજીએ પધારી વ્યાખ્યાનમાળાનો લાભ આપી સહુને રાજી કર્યા હતા.

## ● પંચાબ્દિ મહોત્સવ-ગોકુલધામ, નાર







ગોકુલધામ, નારમાં બિરાજમાન ઠાકોરજીના પાંચમા પાટોત્સવ પ્રસંગે પ.પૂ.શુકદેવપ્રસાદદાસજી સ્વામીની પ્રેરણાથી તા.૧ થી ૫ ફેબ્રુઆરી, ૨૦૨૩ દરમ્યાન પંચાબ્દિ મહોત્સવનું અનોખું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવ દરમ્યાન પ.પૂ.શા.શ્રીહરિપ્રકાશદાસજી સ્વામી-સારંગપુરએ વ્યાસાસને બિરાજી ભગવાન વેદવ્યાસ રચિત શ્રીમદ્‌ભાગવતજીની અનુપમ કથાનું રસપાન કરાવી સૌને અનેરો આનંદ પૂરો પાડ્યો હતો. આ મહોત્સવમાં કુંડળધામથી પ.પૂ.ગુરુજી તા.૦૪/૦૨/૨૦૨૩ના રોજ પધાર્યા હતા. અને ગોકુલધામ નાર દ્વારા થતાં અનેકવિધ સામાજિક તથા સાંપ્રદાયિક કાર્યો બદલ પ.પૂ.મોહનપ્રસાદદાસજી સ્વામી, પ.પૂ.શુકદેવપ્રસાદદાસજી સ્વામી, પ.પૂ.હરિકેશવદાસજી સ્વામી વગેરે સંતોને ધન્યવાદ આપ્યા હતા. પૂ.ગુરુજી તથા સંપ્રદાયના અનેક સંતોની ઉપસ્થિતિ અને આશીર્વાદથી પૂ.શુકદેવ સ્વામી તથા તેમના મંડળના સહુ સંતો ખૂબ રાજી થયા હતા.

## ● સપ્તદિનાત્મક સત્સંગ જ્ઞાનયજ્ઞ-સુરત

અ.નિ.શ્રીભુરાભાઈ ધનજીભાઈ દિયોરા-વેળાવદરવાળાનાં સેવા, સમર્પણ અને નિષ્ઠા વગેરે ગુણોથી રાજી થઈ પૂ.ગુરુજીએ તેમની સ્મૃતિમાં એક પારાયણ કરવાનો સંકલ્પ કર્યો હતો. એ અનુસારે શ્રીસ્વામિનારાયણ સત્સંગ હોલ, મૂર્તિબાગ-સુરતના આંગણે તા.૧૭/૦૨ થી તા.૨૩/૦૨/૨૦૨૩ દરમ્યાન ‘સપ્તદિનાત્મક સત્સંગ જ્ઞાનયજ્ઞ’નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તા.૧૭/૦૨/૨૦૨૩ના રોજ પ.ભ.ચેતનભાઈ પ્રેમજીભાઈ અણઘણના ઘરેથી વાજતે ગાજતે પોથીયાત્રા નીકળી કથાસ્થળે પહોંચી હતી. ત્યારબાદ આપણા મંડળના વડીલ સંતો પ.પૂ.નારાયણમુનિદાસજી સ્વામી(મુનિબાપા), પૂ.ધર્મસ્વરૂપદાસજી સ્વામી(ભાવિલા સ્વામી) તથા પા.ચતુર ભગતે દીપપ્રાગટ્ય કરી આ પારાયણનો શુભારંભ કરાવ્યો હતો. આ શુભ પ્રસંગે પૂ.મુનિબાપાએ મંગલ પ્રવચનનો લાભ આપ્યો હતો.

આ પારાયણ દરમ્યાન દરરોજ રાત્રે પૂ.ગુરુજીએ સદ્.શ્રીમાધવદાસજી સ્વામી કૃત ‘શ્રીહરિકૃષ્ણ ચરિત્રામૃતસાગર’ તથા દરરોજ સવારે પૂ.દયાળુ સ્વામીએ કવીશ્વર શ્રીદલપતરામજી વિરચિત ‘શ્રીપુરુષોત્તમ ચરિત્ર’ ગ્રંથની કથાનું રસપાન કરાવી પ્રભુ પામવાના માર્ગને સરળ બનાવવાનો અનોખો લાભ આપ્યો હતો. આ ઉપરાંત તા.૧૯/૦૨/૨૦૨૩ ને રવિવારના રોજ પૂ.ગુરુજીએ રવિસભાનો પણ અલૌકિક લાભ આપ્યો હતો. જેનો પ્રત્યક્ષ તથા લાઇવ લાભ લઈને હજારો હરિભક્તોએ ધન્યતા અનુભવી હતી. આ સપ્તદિનાત્મક સત્સંગ જ્ઞાનયજ્ઞ દરમ્યાન સંહિતાપાઠના વક્તા પૂ.ધર્મસ્વરૂપદાસજી સ્વામી તથા પૂ.અક્ષરજીવનદાસજી સ્વામીએ બંને ગ્રંથનું સંપૂર્ણ પારાયણ કર્યું હતું.

આ જ્ઞાનયજ્ઞ અંતર્ગત સુરતના ભક્તોએ વહાલા મહારાજ અને પૂ.સંતોનાં થાળ અને પધરામણીનો પણ અમૂલખ લ્હાવો માણ્યો હતો. આ પ્રસંગે પૂ.સંતોએ આશીર્વચન પાઠવ્યા હતા. આ સત્સંગ જ્ઞાનયજ્ઞના યજમાનપદની સેવાનો લાભ અ.નિ.શ્રીભુરાભાઈ ધનજીભાઈ દિયોરાના સુપુત્રો રાકેશભાઈ તથા પિયુષભાઈ વગેરે પરિવારજનોએ લીધો હતો.

RNI Reg No. Guj/Guj/2004-14154 Postal Lic. No.VDR-E/109/2021-23 valid up to 31-12-2023, posted at RMS-Vadodara
Published on 01/03/2023. Licence to Post without Prepayment No.PMG/GJ/01/2023 Valid up to 31-12-2023 વાર્ષિક લવાજમ રૂા.૪૦/- છૂટક કિંમત રૂા.૫/-



## અ.નિ.શ્રીભુરાભાઈ ધનજીભાઈ દિયોરાની સ્મૃતિમાં સુરત મુકામે યોજાયેલ **સપ્તદિનાત્મક સત્સંગ જ્ઞાનયજ્ઞ**ની પાવન સ્મૃતિઓ...

















From : Satsang Sevak Karyalay, Shree Swaminarayan Temple, Karelibaug-Vadodara-18, Gujarat-INDIA.